Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:8, Issue: 78 Dt.12-01-2023 (Thursday)
સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં વ્યાજખોરોના ત્રાસથી ૫૧૨ લોકોના આપઘાત




**રાજકોટ રેન્જના પાંચ જિલ્લાઓમાં વ્યાજખોરોએ પચાવી પડેલી મિલ્કતો પાછી અપાવવા ઈન્કમટેક્ષ અને ઈડીની મદદ લેવાની મહત્વની જાહેરાત કરતા રેન્જ આઈજી અશોકકુમાર યાદવ**

**રાજકોટ રેન્જના રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબીમાં ૧૦૦ સ્થળે વ્યાજખોરો વિરૂધ્ધ લોકદરબાર યોજાયા, પાંચ જિલ્લામાં ૧૧ ગુન્હા દાખલ કરી ૧૮ વ્યાજખોરોની ધરપકડ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં હજારો પરિવારોના જીવન બરબાદ કરી નાખનાર વ્યાજખોરીના વિષચક્રને ડામી દેવા માટે રાજ્યભરમાં પોલીસે શરૂ કરેલી અવિરત ઝુંબેશ આજે ત્રીજા દિવસે પણ ચાલુ રહી હતી. દરમ્યાન પોલીસ ચોપડે નોંધાયેલા ચોંકાવનારા આંકડા દર્શાવે છે કે, રાજ્યમાં છેલ્લા પાંચ જ વર્ષમાં વ્યાજખોરોના ત્રાસથી ૫૧૨ લોકો આપઘાત કરી ચુક્યા છે. એટલે પોલીસે ઝુંબેશ વધુ જોરદાર બનાવી છે. દરમ્યાન રાજકોટ રેન્જના આઈજી અશોકકુમારે યાદવે બહુ મોટી જાહેરાત કરી હતી કે, વ્યાજખોરોએ પચાવી પાડેલી ફરિયાદીઓની મિલ્કત પરત અપાવવા માટે ઈન્કમટેક્ષ વિભાગ અને ઈડીની મદદ પણ લેવામાં આવશે. પોલીસની જબરી કાર્યવાહીથી વ્યાજખોરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે અને અનેક વ્યાજખોરો ભોંભીતર થઇ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી વ્યાજખોરોનો આતંક હદ વટાવી ચુક્યો છે. ગુજરાત પોલીસ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં ૫૧૨ લોકોને વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરવો પડ્યો છે. વ્યાજખોરોનો આતંક તમામ હદો પાર કરી ચુક્યો છે. કેમકે લોકદરબારમાં પીડિત લોકો તરફથી ફરિયાદોનો ધોધ વહી રહ્યો છે. આજે ભાવનગરમાં વ્યાજખોરી બદલ એક પોલીસ કોન્સટેબલ અને અન્ય ૪ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. રાજકોટમાં ભાજપના કાર્યકર વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી દેવામાં આવી છે.

રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવે જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જના પાંચ જિલ્લાઓ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબી જિલ્લાઓમાં વ્યાજખોરીના ૧૧ ગુન્હા દાખલ કરી ૧૮ વ્યાજખોરોની ધરપકડ કરી લેવામાં આવી છે. તેમણે મહત્વની જાહેરાત કરી હતી કે, વ્યાજખોરોએ પચાવી પાડેલી મિલ્કત પીડિત ફરિયાદીઓને પરત અપાવવા માટે પોલીસ હવે ઈન્કમટેક્ષ વિભાગ તેમજ ઇડીની પણ મદદ લેશે. સામાન્ય નાગરિકોને વ્યાજખોરોની ચુંગાલમાંથી મુક્ત કરાવવા અને આવા તત્વો પર કાયદાની લગામ કસવા ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વ્યાજખોર તત્વો સામે રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરવા સુચના આપી હતી. જેના અનુસંધાને રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ તા.૫ થી ૩૧ જાન્યુઆરી સુધી વ્યાજખોરો વિરૂધ્ધ ખાસ મહાઅભિયાનનું આયોજન કર્યું છે.

રાજકોટ રેન્જમાં પાંચ જિલ્લાઓમાં આજે એકસાથે ૧૦૦ સ્થળે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસે ફિલ્ડ ટીમોને પણ સ્ટેન્ડબાય રાખી છે જેથી જરૂર જણાય તો તુરંત જ આરોપીની ધરપકડ કરાશે અને સર્ચ ઓપરેશન ચલાવવામાં આવશે. લોકોમાં જાગૃતિ આવે અને વ્યાજખોરોના ચુંગાલમાં ફસાયેલા લોકો હિંમત કરીને કાયદાનો આશરો લેવા માટે સામે આવે એ માટે સોશિયલ મીડિયા પર ૨૫૦ થી વધુ પોસ્ટ મુકવામાં આવી છે. એટલું જ નહીં માઈકની ગાડી ફેરવીને ૨૦૦ થી વધુ સ્થળે

(અનુ.પાના નં.૪ ઉપર)




# પાનકાર્ડ હવે સિંગલ બિઝનેસ ઓળખપત્ર બનશે

## કેન્દ્રીય બજેટમાં નાણામંત્રી દ્વારા લીગલ ફ્રેમ વર્ક જાહેર થશે



**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૧૨

દેશના અર્થતંત્રને મજબૂત કરવા માટે સરકાર દરેક પ્રકારના શક્ય પ્રયાસ કરી રહી છે અને પગલાં જાહેર કરી રહી છે અને ખાસ કરીને દેશના નાના-મોટા વેપારીઓને તેમજ બિઝનેસ જગતને વધુ સહાયતા અને સુવિધા આપવાની કેન્દ્ર સરકારની નીતિ છે અને આગામી કેન્દ્રીય બજેટમાં પણ તેનો પડઘો પડવાનો છે.

હવે કેન્દ્ર સરકાર મોટી રાહત આપવા જઈ રહી છે અને પાનકાર્ડ હવે કોઈપણ બિઝનેસ માટે સિંગલ બિઝનેસ આઈડી તરીકે યુઝ થશે અને તેના માટેની સમગ્ર કાયદાકીય રેખા ઘડવામાં આવી રહી હવાની માહિતી મીડિયાને આપવામાં આવી છે.

આગામી કેન્દ્રીય બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા પાનકાર્ડ અંગેની આ નવી સુવિધા અંગે કેટલીક મહત્વની જાહેરાતો કરવામાં આવશે અને તેના લીગલ ફ્રેમ વર્ક સહિતની પરેખા અંગેની માહિતી આપવામાં આવશે અને તે માટેની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે.

આગામી કેન્દ્રીય બજેટમાં આ પ્રકારની ઘણી વ્યાપાર અને ઉધોગને પ્રોત્સાહન આપતી યોજનાઓ અને પગલાંઓ જાહેર થવાના છે નાણામંત્રાલય ના વર્તુળો એ એવો સંકેત પણ આપ્યો છે કે પાનકાર્ડને સિંગલ બિઝનેસ આઈડી તરીકે યુઝ કરવાથી બિઝનેસ કરવામાં ઘણી બધી સરળતા પડી જશે અને આ માટેની અનેક વખત રજૂઆતો સરકારને કરવામાં આવી હતી અને ત્યારબાદ બજેટમાં તેની જાહેરાત કરવામાં આવશે. દરેક પ્રકારના બિઝનેસ માટે મંજૂરી મેળવવા

(અનુ.પાના નં.૪ ઉપર)

# ત્રણ મહિનામાં ત્રણ મોટા રોકેટ લોન્ચ કરશે ઈસરો

**સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ અને સ્પેસ ટ્રાફિક મેનેજમેન્ટમાં ક્ષમતાઓ વિકસાવવા માટે વિચાર**

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૧૨

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન ના અધ્યક્ષ એસ. સોમનાથે બેંગલુરુમાં જણાવ્યું કે, ઈસરોએ આગામી ત્રણ મહિનામાં ત્રણ મોટા રોકેટ લોન્ચ કરવાની યોજના બનાવી છે. તેમણે જણાવ્યું કે આ રોકેટોમાં સ્મોલ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (SSLV), લોન્ચ વ્હીકલ માર્ક-III (LVM-III) અને પોલર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (PSLV)નો સમાવેશ થાય છે. ગગનયાનના પ્રક્ષેપણ અંગે સોમનાથે કહ્યું કે ગગનયાનનું ફ્લાઇટ ટેસ્ટ એપ્રિલ કે મે મહિનામાં થઈ શકે છે. સોમનાથ સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ અને સ્પેસ ટ્રાફિક મેનેજમેન્ટ પર ત્રણ દિવસીય વર્કશોપનું

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતનું બજેટ ૨૦ ફેબ્રુઆરીના રજુ થશે?

## વિધાનસભાનું એક માસ લાંબુ બજેટ સત્ર બોલાવવા તૈયારીઓનો પ્રારંભ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૧૨

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ફેબ્રુ. માસના બીજા પખવાડીયાથી શરુ થાય તેવા સંકેત છે. રાજયની ભુપેન્દ્ર પટેલ-ટુ સરકારનું આ પ્રથમ બજેટ તા.૨૦ ફેબ્રુ. આસપાસ રજુ થશે. આજે મળેલી રાજયની કેબિનેટની બેઠકમાં બજેટ સત્ર અંગે ચર્ચા થઈ હતી અને હવે વિધાનસભાની કામકાજ સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાશે.

રાજયમાં ફરી એક વખત પ્રચંડ બહુમતી સાથે સતા પર આવેલી ભાજપ સરકારના આગામી બજેટમાં કોઈ મોટા ફેરફારની શકયતા નહીવત છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈનું આ સતત બીજુ બજેટ હશે. જેમાં જનકલ્યાણની વધુ યોજનાઓ રજુ કરાશે. દરમ્યાન છેલ્લા પાંચ વર્ષથી જીએસટી લાગુ હોવાથી આડકતરા વેરામાં રાજય સરકારની ફેરફારની સતા નહીવત થઈ ગઈ છે અને પેટ્રોલ-ડિઝલ સહિતના ઈંધણમાં ટેકસ માળખુ ફેરફાર કરાઈ તેવી શકયતા નહીવત છે. ઉપરાંત બજેટમાં કોઈ મોટી યોજનાઓ આવશે નહી પણ વિકાસની ગતીને જાળવી રાખવા માટે બજેટમાં જોર અપાશે.

# જમીન માપણીની ભૂલ સુધારા માટે હવે પાયલોટ પ્રોજેકટ

## જમીન માપણીનો જુનો સર્વે રદ્દ નથી થયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૨

અગાઉ સરકાર દ્વારા કરાયેલી જમીન માપણીમાં અનેક ક્ષતિઓ જણાતા જમીન માપણી ક્ષતિ સુધારણા કાર્યક્રમ હાથ ધરાયો હતો અને ખેડૂતો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જે પછી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયો છે કે, જમીન માપણી ક્ષતિ સુધારણા માટે પાયલોટ પ્રોજેક્ટ જિલ્લાઓ જામનગર અને દેવભૂમિકા દ્વારકામાં અગ્રતાના ધોરણે કામગીરી હાથ ધરાશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કેબિનેટ બ્રિફીંગમાં જણાવ્યું હતુ કે,

(અનુ.પાના નં.૪ ઉપર)

# ‘આપ’ને ૧૬૩ કરોડ ભરવા નોટીસ

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી,તા.૧૨

સરકારી જાહેરાતોની આડમાં રાજકીય જાહેરાતો પ્રકાશિત કરવા બદલ, આમ આદમી પાર્ટીને રૂ. ૧૬૩.૬૨ કરોડની રિકવરી નોટીસ જાહેર પાઠવવામાં આવી હોવાની સૂત્રોએ આ જાણકારી આપી. દિલ્હીના લેટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ મુખ્ય સચિવને સરકારી જાહેરાતોની આડમાં પ્રકાશિત રાજકીય જાહેરાતો માટે આપ પાસેથી રૂ. ૯૭ કરોડની વસૂલાત કરવાનો નિર્દેશ આપ્યાના એક મહિના બાદ આ વાત સામે આવી છે. સૂત્રોએ જણાવ્યું કે માહિતી અને પ્રસાર નિયામક દ્વારા જાહેર કરવામાં આવેલી વસૂલાત નોટીસમાં રકમ પર વ્યાજનો સમાવેશ થાય છે અને દિલ્હીમાં સત્તારૂઢ AAP માટે ૧૦ દિવસની અંદર સમગ્ર રકમ ચૂકવવી ફરજિયાત છે.

જો કે, દિલ્હી સરકાર તરફથી હજુ સુધી, આ મામલે કોઈ ત્વરિત પ્રતિક્રિયા નથી. જ્યારે, એક સૂત્રએ જણાવ્યું હતું કે, જો આપ કન્વીનર અરવિંદ કેજરીવાલ સમયસર પૈસા જમા કરાવવામાં નિષ્ફળ જાય છે, તો દિલ્હી એલજીના અગાઉના આદેશ મુજબ, પાર્ટીની મિલકતો જપ્ત કરવા સહિતની તમામ કાયદાકીય કાર્યવાહી સમયમર્યાદામાં કરવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ગયા મહિને જાહેર કરાયેલા

(અનુ.પાના નં.૪ ઉપર)




# અંબાજી રોપ-વે મેન્ટેનન્સને કારણે બંધ રહેશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૨ઃ વાર્ષિક મેન્ટેનન્સ ચાલુ હોવાથી અંબાજી રોપ-વે તા.૧૩ જાન્યુઆરી એટલે કે, શુક્રવાર સુધી બંધ રહેનાર છે. કામગીરી પૂરી થયા બાદ શનિવારથી રાબેતા મુજબ શરૂ થઇ જશે. પાવાગઢ ખાતેના રોપ-વેનું પણ વાર્ષિક મેન્ટેનન્સ કામ શરૂ કરવામાં આવી રહ્યું છે. આથી પાવાગઢ રોપ-વે તા.૧૬ થી ૨૧ જાન્યુઆરી સુધી બંધ રહેશે. તેમ બંને રોપ-વેનું સંચાલન કરતી ઉડન ખટોલા કંપનીએ જાહેર કર્યું છે. વાર્ષિક મેન્ટેનન્સ કામગીરી પૂરી થયા બાદ ભાવિકોને રોપ-વે ની સુવિધા રાબેતા મુજબ મળતી થઇ જશે એવું કંપનીએ જાહેર કર્યું છે. ભાવિકોને નોંધ લેવા કંપનીએ અનુરોધ કર્યો છે.(૨.૧૨)

# દેશમાં ધુમ્મસના કારણે માર્ગ અકસ્માતમાં એક વર્ષમાં ૧૩૩૭૨ લોકોના મોત

## મોતની સૌથી વધુ સંખ્યા યુપી, બિહાર, મધ્યપ્રદેશમાં



**(એજન્સી સમાચાર)** નવી દિલ્હી તા.૧૨ : ગત વર્ષે માત્ર ધુમ્મસના કારણે માર્ગ અકસ્માતમાં ૧૩ હજાર લોકોના જીવ ગયા હતા. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયના એક રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૧ મા દેશમાં ધુમ્મસના કારણે માર્ગ અકસ્માતમાં ૧૩૩૭૨ લોકોના મોત નીપજયા

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતમાં ઈલેક્ટ્રીક વાહનના વેંચાણમાં વધારો

## ગુજરાતમાં ૨૦૨૨માં ૬૮૯૯૯ ઈલેક્ટ્રીક વાહનો વેંચાયાઃ રાજકોટ સહિત ચાર મહાનગરોનો જ મોટો હિસ્સો



**(એજન્સી સમાચાર)**
અમદાવાદ તા.૧૨

ગુજરાતમાં ઈલેક્ટ્રીક-વાહનોના વેચાણમાં ૬૦૦ ટકાથી વધુનો ધરખમ વધારો થયો છે. ગુજરાતમાં ૨૦૨૨ માં ૬૮૯૯૯ ઈલેક્ટ્રીક વાહનોનું વેંચાણ થયુ છે. જે સંખ્યા ૨૦૨૧ માં માત્ર ૯૭૭૬ ની હતી. સીએનજી વાહનો કરતા પણ ઈલેક્ટ્રીક વાહનોનું વેંચાણ વધી ગયુ છે.સીએનજી વાહનોનું વેચાણ ૨૦૨૨ માં ૫૦,૦૦૭ નોંધાયું છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે નવા નવા ચાર્જીગ સ્ટેશનો ઉભા થઈ રહ્યા હોવાને પગલે ઈલેક્ટ્રીક વાહનોનો ટ્રેન્ડ વધી રહ્યો છે. દેશમાં ગુજરાત સહિત ૧૮ રાજ્યોએ ઈલેક્ટ્રીક વાહનોની નીતિ તૈયાર કરી છે. ઓકટોબર ૨૦૨૧ થી ઈલેક્ટ્રીક વાહનોના વેચાણ રફતાર પકડવા લાગ્યા હતા. જે ૨૦૨૨ માં વધુ ઝડપી બન્યુ હતું. ચાલુ વર્ષે ૨૦૨૩ના પ્રથમ દસ દિવસમાં જ ૨૧૬૮ ઈલેક્ટ્રીક વાહનોનું વેંચાણ થઈ ગયુ છે.જેમાં ૬૦ ટકા હિસ્સો ટુ-વ્હીલરનો છે. રાજયના પશ્ચિમ વિભાગનાં એક સિનિયર અધિકારીએ કહ્યું કે, સીએનજી વાહનોનો વેંચાણ વૃધ્ધિદર ગત વર્ષે ૫૮

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટની પદ્મ કુંવરબા હોસ્પિટલમાં અગ્નિ સુરક્ષાની ઐસીતૈસી..!!



**હોસ્પિટલમાં એક્સપાયરી ડેટના ફાયર સેફટી બાટલા જીવતા બોમ્બની જેમ હોસ્પિટલની અંદર દીવાલો પર લટકી રહ્યા હોવાનો ચોંકાવનારો ધડાકો; હોસ્પિટલનું તંત્ર સંપૂર્ણપણે બેદરકાર, મનપાના ફાયર એન્ડ સેફટી વિભાગને પણ જાણકારી નથી?**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગરની મધ્યમાં અને ભરચક અવર-જવર તથા હેવી ટ્રાફિકવાળા ગુંદાવાળી વિસ્તારમાં આવેલી પદ્મ કુંવરબા સરકારી હોસ્પિટલમાં તંત્રવાહકોની બેદરકારી અને ગફલતને કારણે અગ્નિ સુરક્ષાના નીતિ-નિયમો અભેરાઈ પર ચડાવી દેવાયા હોવાની ચોંકાવનારી હકીકતો પ્રકાશમાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે, જ્યાં દરરોજ સેંકડો દર્દીઓ અને પરિવારજનોની અવર-જવર રહે છે અને જ્યાં પ્રસૃતિ વિભાગ આવેલો છે એવી આ મહત્વની હોસ્પિટલની અંદર એક્સપાયરી ડેટના અગ્નિશમન બાટલા હજુ પણ દીવાલો પર ટીંગાડી રાખવામાં આવ્યા છે. પરિણામે સેંકડો દર્દીઓ, નવજાત શિશુઓ, ધાત્રી માતાઓ અને પ્રસૃતા બહેનોના જાન પર ગંભીર ખતરો મંડાઈ રહ્યો છે. આટલી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હોવા છતાં ન તો હોસ્પિટલ તંત્ર સજાગ થયું છે કે ન તો મનપાના ફાયર સેફટી વિભાગ દ્વારા કોઈ પગલા લેવાયા છે..!! પરિણામે હોસ્પિટલ ગમે ત્યારે કોઈ ગંભીર દુર્ઘટનાનો ભોગ બને તેવી ગંભીર ભીતિ ઉભી થવા પામી છે. અહીં આવનારા અને અવર-જવર કરનારા લોકો એમના માથા પર લટકતી મોતની તલવારથી બેખબર છે.

હોસ્પિટલની અંદર પ્રવેશદ્વાર પાસે અને લોબીમાં, ડીલીવરી વિભાગના દીવાલ પર, તેમજ ઓપીડી પાસે બાટલા એવા જોવા મળ્યા છે જેમાં તાત્કાલિક ધોરણે રિ-ફીલિંગ કરાવવું પડે તેમ છે તેમ છતાં મુદ્દત વીતી ગયેલા બાટલા દર્દીઓના જાનના જોખમે દીવાલો પર લટકાવી રાખવામાં આવ્યા છે. રિ-ફીલિંગ ન થયેલા બાટલા અહીંથી હટાવવાની તસ્દી પણ લેવામાં આવી નથી. જેનો અર્થ એ થયો કે બાટલાઓની ડેટનું સ્ટાફ તરફથી કોઈ ચેકિંગ કરવામાં આવતું નથી અને લાલ્યાવાડીની જેમ વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે.

અહીં આપેલી તસ્વીરોને ધ્યાનથી જુઓ તો ખ્યાલ આવી જશે કે, પદ્મ કુંવરબા હોસ્પિટલનું તંત્ર ઘોર, ગંભીર રીતે બેદરકાર છે અને કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયું છે. તસ્વીરમાં રિ-ફીલિંગની ન્યુ ડેટ બાટલા પર સ્પષ્ટ જોઈ શકાય છે. રિ-ફીલિંગની મુદ્દત પણ પૂરી થઇ ચુકી છે. તેને પણ એક મહિના જેવો સમયગાળો થઇ ગયો છે. તેમ છતાં બાટલાની ચકાસણી પણ કરાઈ નથી કે રિ-ફીલિંગ પણ કરાવાયા નથી. બાટલા પર સ્પષ્ટ વાંચી શકાય છે કે રિ-ફીલિંગની ન્યુ ડેટ ૩૧/૧૨/૨૦૨૨ છે. આ બાટલાનું ઉત્પાદન વર્ષ ૨૦૨૧ લખેલું છે. એટલે એ સ્પષ્ટ બને છે કે, એકસપાયરી ડેટનો બાટલો અહીં લટકાવી રાખવામાં આવ્યો છે. એક બાટલા પર તો રિ-ફીલિંગની ન્યુ ડેટ ૧૨/૨૦૨૨ લખી છે છતાં રિ-ફીલિંગ કરાવ્યા વિના બાટલો લટકાવી રાખીને હોસ્પિટલનું તંત્ર હજારો લોકોના જાન જોખમમાં મુકવાની દર્શન કરાવી રહ્યું છે. ઘણાબધા સવાલો ઉભા થયા છે તેનો તંત્રવાહકોએ જવાબ આપવાનો રહે છે. મનપાના ફાયર એન્ડ સેફટી વિભાગે પણ અનેક સવાલોના જવાબ આપવાના રહે છે.

એક્સપાયરી ડેટવાળા બાટલા અહીં હજુ કેમ રાખી મુકવામાં આવ્યા છે? શું હોસ્પિટલ તંત્રને અગ્નિ સુરક્ષા જેવા ખુબ જ મહત્વપૂર્ણ મામલામાં પણ બાટલા તરફ જોવાનો સમય મળતો નથી? ડેટનું ચેકિંગ કમ કરવામાં આવ્યું નથી? જો ચેકિંગ થયું હોય તો બાટલાઓની ચકાસણી અને રિ-ફીલિંગ કમ કરવામાં આવ્યા નથી? શું હોસ્પિટલના તંત્રવાહકો કોઈ દુર્ઘટના ઘટવાની રાહ જોઈ રહ્યા છે? આવડી મહત્વની હોસ્પિટલમાં જ્યાં મોટી સંખ્યામાં નવજાત શિશુઓ, ધાત્રી માતાઓ અને પ્રસૃતા મહિલાઓ સારવાર હેઠળ હોય ત્યાં આવી બેદરકારી પાલવે ખરી? શું હોસ્પિટલ તંત્ર અને તેના વહીવટકર્તાઓને બાળકો અને માનવ જીવનનું કોઈ મૂલ્ય નથી? મનપાના ફાયર એન્ડ સેફટી વિભાગ દ્વારા જો નિયમિત ચેકિંગ કરવામાં આવી રહ્યાના દાવા સાચા હોય તો પદ્મ કુંવરબા હોસ્પિટલ પૂરતા મનપાના દાવા પોકળ પુરવાર થઇ રહ્યા છે.

રાજકોટમાં એક હોસ્પિટલમાં ગંભીર અગ્નિકાંડ સર્જાયો હતો અને જાનહાની થઇ હતી એ ઘટનાને હજુ શહેરીજનો ભૂલ્યા નથી. ત્યારે પદ્મ કુંવરબા હોસ્પિટલમાં તો આવા ૧ થી વધુ એક્સપાયરી ડેટના બાટલા જીવતા બોમ્બની જેમ રાખી મુકવામાં આવ્યા હોય ત્યારે એ સ્પષ્ટ ફલિત થાય છે કે, હોસ્પિટલ તંત્ર ગુનાહિત રીતે બેદરકારીની પ્રદર્શન કરી રહ્યું છે. સેંકડો લોકોના જાન જોખમમાં મૂકી દેવામાં આવ્યા છે. જો કોઈ અગ્નિકાંડ સર્જાય તો તેની જવાબદારી કોણ લેશે? શું તંત્ર આગ લાગે ત્યારે કુવો ખોદવા જશે?

મનપાના ફાયર એન્ડ સેફટી વિભાગના વારંવાર હોસ્પિટલોની ચકાસણી થતી હોવાના દાવા કરવામાં આવે છે, શું મનપાના મુખ્ય ફાયર સેફટી અધિકારી અને એ-વિભાગની ટીમોએ પદ્મ કુંવરબા હોસ્પિટલમાં નજર નાખી છે ખરી? અહીં ચેકિંગ કરીને તંત્રની કેમ પોલ ખોલવામાં આવી નથી? આ તમામ સવાલોના જવાબ શહેરીજનો માંગી રહ્યા છે. હોસ્પિટલમાં લટકતા જીવતા બોમ્બ તાત્કાલિક હટાવી રિ-ફીલિંગ કરાવી મુકવામાં આવે તે જરૂરી છે. આટલી ગંભીર બેદરકારી બદલ કોણ જવાબદાર છે તેની તપાસ કરીને જવાબદારો સામે કડકમાં કડક પગલા લેવામાં આવે એવી જોરદાર લોકલાગણી છે.(૨.૧૨)

## ધારાસભ્ય ઉદય કાનગડ મનપાની મુલાકાતે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૨

તાજેતરમાં રાજકોટ ૬૮ વિધાનસભાના ચૂંટાયેલ ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ રાજકોટ મહાનગરપાલિકા કચેરીની મુલાકાતે આવ્યા હતા. આ અવસરે મેયર ડો.પ્રદિપ ડવ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા તેમજ જુદી જુદી કમિટીના ચેરમેનો, કોર્પોરેટરો વગેરેએ ધારાસભ્ય ઉદયભાઈ કાનગડનું પુષ્પગુચ્છથી ઉમળકાભેર સ્વાગત કરેલ.

## ટી.પી.સ્કીમ નં.૩૪ (મવડી)નો મુસદ્દો તૈયાર



**જમીન માલિકોને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજૂતી અપાઇ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમન-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા તેમનાં ઠરાવ નં.૧૬ તા.૧૯-૦૭-૨૦૨૨થી ઠરાવ્યા મુજબનાં ગામ મવડીનાં વિસ્તારો માટે મુસદારૂપ નગર રચના યોજના નં.૩૪-મવડી તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ. જે અનુસંધાને આજે જમીન માલિકોની સભા બોલાવવામાં આવેલ અને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ છે.

ગામ માવડીનાં સર્વે નંબરો ૧૯૪ પૈકી, ૨૭૬ થી ૨૯૯, ૪૧૪ તથા ૪૧૫ આવરી લેતા વિસ્તારો માટે સદરહુ મુસદારૂપ નગર રચના યોજના નં.૩૪-મવડી અધિનિયમની જોગવાઈ મુજબ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદરહુ યોજનાની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને અધિનિયમની જોગવાઈ હેઠળ આજે જમીન માલીકોની સભા બોલાવવામાં આવેલ અને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ છે અને એક માસ માટે નાનામવા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે આવેલ મલ્ટી એક્ટીવીટી સેન્ટર ખાતે ત્રીજા માળે આવેલ ટી.પી.યુનિટની ઓફિસે કચેરીનાં સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

જરૂર જણાયે યોજના અંગેના વાંધા સુચનો એક માસમાં લેખિતમાં રજુ કરવાનાં રહેશે, જેમાં ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો વિચારણામાં લેવાશે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૫(મવડી)ની જમીન માલીકોની સભાનું આયોજન પણ આજરોજ ૧૧ કલાકે કરવામાં આવેલ. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે તે મુલતવી રાખવામાં આવેલ અને તેની હવે પછી રાખવાની તારીખ અને સમયની જાણ તેમાં સમાવિષ્ટ જમીન માલિકોને તેમજ વર્તમાનપત્રો દ્વારા કરવામાં આવશે. સદરહુ યોજનાનો મુસદ્દો તૈયાર થઇ ગયેલ હોઈ નાનામવા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે આવેલ મલ્ટી એક્ટીવીટી સેન્ટર ખાતે ત્રીજા માળે આવેલ ટી.પી.યુનિટની ઓફિસે કચેરીનાં સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

## વિધાનસભામાં કઈ રીતે બોલવું? નવા ધારાસભ્યને તાલીમ અપાશે

**મકરસંક્રાંતિ બાદ તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્ય માટે ખાસ વર્કશોપનું આયોજન**

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યને વિધાનસભાની કાર્યપ્રણાલીથી અવગત કરાવવા માટે ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મકરસંક્રાંતિ બાદ નવા ચૂંટાયેલા ધારાસભ્ય માટે ખાસ ટ્રેનિંગ વર્કશોપ યોજવાની વિચારણા થઇ રહી છે. વિધાનસભા ગૃહની કાર્યવાહી, ગૃહની પરંપરા કેવા છે તેનાથી સભ્યોને વાકેફ કરવામાં આવશે. પોઈન્ટ ઓફ ઓર્ડર કઈ રીતે ઉઠાવવા, કઈ રીતે બોલવું, કઈ રીતે પ્રશ્નો પૂછવા એ અંગે સભ્યોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ગૃહની આખી કાર્યપ્રણાલી કઈ રીતે હોય છે તેનાથી સભ્યોને વાકેફ કરવામાં આવશે.

૧૫મી જાન્યુઆરી પછી નવા ધારાસભ્યો માટે વર્કશોપ યોજવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ તાલીમ કેમ્પમાં ભાજપ અને કોંગ્રેસના સિનિયર ધારાસભ્યો નવા સભ્યોને માર્ગદર્શન પૂરું પાડશે અને પ્રશિક્ષકની ભૂમિકા ભજવશે.

## શનિવારે પશુપાલન મંત્રી રાઘવજી પટેલના હસ્તે પશુ એમ્બ્યુલન્સનું ઉદ્દ્ઘાટન

**ઉનાળામાં ગામડે ગામડે જઇ પશુ-પક્ષીઓ માટે હજારોની સંખ્યામાં પાણીની કુંડીઓ અને કુંડાઓનું વિનામૂલ્યે વિતરણ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

જીવદયા ઘર સંસ્થા દ્વારા ઉનાળામાં ગામડે ગામડે જઇ પશુ-પક્ષીઓ માટે હજારોની સંખ્યામાં પાણીની કુંડીઓ અને કુંડાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

શહેરના દિન પ્રતિદિન વધી રહેલા વિસ્તારને ધ્યાને લઈ શહેરના જુદા જુદા વિસ્તારોમાં બિમાર અબોલ જીવોની સારવાર માટે પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના શુભ હસ્તે પશુ એમ્બ્યુલન્સ જેમાં જરૂરી સવલતો સાથે શકય એટલી સરળતાથી અબોલ જીવોની સારવાર થઈ શકે એવા ઘણાં ફેરફારો કરાવી,ઓકિસજનની વ્યવસ્થા સાથે આ એમ્બ્યુલન્સનો લોકાપર્ણ કાર્યક્રમ મકરસંક્રાંતિના તા.૧૪ ને સવારે ૯:૪૫ કલાકે ઇમ્પીરિયલ હાઈટ, બીગ બાઝાર સામે ૧૫૦ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. મકરસંક્રાંતિ બાદ કોઈપણ પશુ પક્ષીની સારવાર માટે અમારો સંપર્ક (મો.નં.૯૬૬૪૫ ૫૪૧૫૫, ૯૪૦૯૭ ૪૩૩૬૨) ઉપર સંપર્ક કરવાં જીવદયાપ્રેમીઓને વિનંતિ છે.



**૧૫૦૦ થી વધુ નિરાધાર જીવો જીવદયા ઘરના આંગણે આશરે લઇ રહેલ છે. દૈનિક રૂ.૧ લાખથી વધુ ઘાસચારાનો ખર્ચ છે.**

હાલમાં જીવદયા ઘર પાંજરાપોળ દ્વારા અમુલ ચોક,આજીડેમ પાસે,ભાવનગર રોડ ખાતે રાજકોટ મહાનગર પાલિકાએ પકડેલા ૧૭૦૦ ઉપરાંત નિરાધાર ગૌમાતા,વાછરડાંઓ આદિ પશુઓનો નિભાવ દૈનિક રૂ. ૧.૨૦ લાખના ખર્ચે કરી રહેલ છે.

પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, અંજલીબેન રૂપાણી, જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઇ બોદાર, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, મેયર પ્રદીપભાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ, ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, કલેકટર ડો. અરૂણ મહેશ બાબુ, ડી.ડી.ઓ. જિલ્લા અધિકારી દેવ ચૌધરી, મ્યુ. કમિશનર અરોરા, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ,ફોરેસ્ટ વિભાગના DCF તુષારભાઈ પટેલ, જીવદયા પ્રેમી જૈન અગ્રણી અમીનેશભાઈ રૂપાણી, મહાનુભાવો,જીવદયાપ્રેમીઓ,આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેશે. તેમ જણાવ્યું છે.(૧૩)

## પ્રજાસત્તાક પર્વ જિલ્લા કક્ષાની ઉજવણી ધોરાજી ખાતે કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

આગામી પ્રજાસત્તાક દિન ૨૬ મી જાન્યુઆરીની જિલ્લા કક્ષાની ઉજવણી ધોરાજી ખાતે કરવાનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. જે સંદર્ભે કાર્યક્રમના સુચારૂ અને સુવ્યવસ્થિત આયોજન અંગે કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને આજે બપોરના ૪:૩૦ કલાકે કલેક્ટર કચેરી,રાજકોટ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંબંધિત સર્વે સરકારી વિભાગના અધિકારીઓને સમયસર ઉપસ્થિત રહેવા મામલતદાર, પ્રોટોકોલની યાદીમાં જણાવાયું છે.

## કાલાવડના નાની વાવડીમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન



**મહિલા કોલેજ ખામટા દ્વારા અદ્દભુત કાર્યક્રમ યોજાયો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
અમદાવાદ, તા.૧૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, જીલ્લા પંચાયત જામનગર, તાલુકા પંચાયત કાલાવડ, નાની વાવડી ગ્રામ પંચાયત અને સમસ્ત ગ્રામજનોના સહયોગથી મહિલા કોલેજ ખામટા ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ-૧ અંતર્ગત અંધશ્રધ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. જાથાનો ૧૦૦૧૧ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં મેનેજીંગ ટ્રસ્ટી શિવલાલભાઈ ગઢિયા, હીરપરા સંકુલના જમનભાઈ તાળપરા, પ્રોગ્રામ ઓફીસર અક્ષયભાઈ રૂપારેલીયા, નિકાવાના ભોજાભાઈ ટોયટાએ હાજરી આપી હતી. વધુ માહિતી માટે મો. ૯૮૨૫૨૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## શનિવારે કોળી સમાજના ઈષ્ટદેવ શ્રી માંધાતાનો પ્રાગટ્ય ઉત્સવ રથયાત્રા

**જય માંધાતા સૂર્યવંશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

જય માંધાતા સૂર્યવંશી ચેરીટેબલ ટ્રસ્ટ- રાજકોટ દ્વારા આયોજીત કોળી સમાજના ઇષ્ટદેવ શ્રી માંધાતાનો પ્રાગટ્ય ઉત્સવ રથયાત્રાનું આગામી તા.૧૪ જાન્યુઆરીને શનિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે તેમ જય માંધાતા સૂર્યવંશી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ એમ.બી. ગોવાણીએ માહિતી આપતા જણાવ્યું હતું.



'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા જય માંધાતા સૂર્યવંશી ચેરીટેબલ ટ્રસ્ટના મનસુખભાઇ ગોવાણી, સુરેશભાઇ ગણદીયા, રમેશભાઇ પરમાર, પરસોતમભાઇ ભરાડીયા, નિખીલભાઇ ભંડેણીયા, સુધીરભાઇ મકવાણા, ભાવેશભાઇ રાઠોડ, વિમલભાઇ પરમાર અને સંજયભાઇ સાકરીયા તસવીરમાં નજરે પડે છે.

વધુમાં જણાવ્યું હતું કે, મકરસંક્રાંતિના દિવસે સવારે ૮ કલાકે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રાની શરૂઆત ૮૦ ફૂટ રોડ-મોહનભાઇ સરવૈયા હોલ-ચુનારાવાડ ચોક- સીતારામ નગર મેઇન રોડ-કે.ડી.ચોક- સંતકબીર રોડ-પાંજરાપોળ-રામનાથપરા ગરબી ચોક-પેલેસ રોડ-ભુપેન્દ્ર રોડ-ત્રિકોણબાગ-ઢેબર રોડ-મધુર હોસ્પિટલ ચોક-સોરઠીયા વાડી સર્કલ-મોહનભાઇ સરવૈયા હોલ ખાતે શોભાયાત્રાની પૂર્ણાહૂતી કરવામાં આવી છે. રથયાત્રા પૂર્ણ થયા બાદ પ્રસાદનું આયોજન રાજમોતી મીલ સીતારામ સોસાયટી ખાતે કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રામાં પ.પૂ.મહંત શ્રી વાલજીભાઇ-ઠાકરધણી, પ.પૂ.મહામંડલેશ્વર ૧૦૦૮ રૂષી ભારતી બાપુ-સરખેજ (અમદાવાદ), પ.પૂ.મહંત શ્રી મોહનબાપુ-ઠાકરધણી, પ.પૂ. મહંત શ્રી હરીબાપુ-રામાધણી, મહંત શ્રી વીરજી ભગત પ.પૂ.ઠીકરીયાળા ઉપસ્થિત રહેશે.

**કેબીનેટ મંત્રી, ધારાસભ્યો તેમજ મેયર સહિતના મહાનુભાવોની ખાસ ઉપસ્થિત રહેશે**

આ શોભાયાત્રામાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયા, ભાનુબેન બાબરીયા તેમજ ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ, રમેશભાઇ ટીલાળા, દર્શિતાબેન શાહ, મેયર પ્રદિપભાઇ ડવ તેમજ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મીરાણી ખાસ ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી માંધાતા સૂર્યવંશી કારોબારી સમિતિ અને શ્રી માંધાતા સૂર્યવંશી ગ્રુપ મહિલા સંગઠનએ ભારે જહેમત ઉઠાવી છે. તેમ જણાવ્યું છે.(૧૩)

# તંત્રી સ્થાનેથી...

Editorial

## ઈલેક્ટ્રિક વાહનો...

ભારતના અમુક રાજ્યોની સરકારે બેટરી ઓપરેટેડ ટુ-વહીલર માટે બે હજારથી લઈને દસ હજારની સબસીડી આપવા સુધીની જાહેરાત કરી છે. વર્ષના વચલા દિને જરા પણ અવાજ ન કરતું અને બહુ સ્ફૂર્તિથી દોડતું હલકુંફુલકું ઈલેક્ટ્રિક ટુ-વિહિલર નજરે પણ ચડી જાય છે. પરંતુ દેશની ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં ક્રાંતિ આવી ત્યારે કહેવાય જ્યારે દ્વિ-ચક્રીય વાહનોને બદલે ચતુશ્ચક્રીય વાહનો પણ ઈલેક્ટ્રિક ફોર્મમાં વેચાય અને વપરાય.

કેન્દ્રના રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર નીતિન ગડકરીએ તેલ અને તેલની ધાર જોઈને એક મહત્વાકાંક્ષી ઉચ્ચારણ કર્યું છે કે, ઈલેક્ટ્રિક વિહિકલના મેન્યુફેક્ચકરિંગમાં ભારત વિશ્વસ્તરે હબ બનશે. ભારતમાં ઈલેક્ટ્રિક બસો, ગાડીઓ અને ટુ-વ્હીલરોનું મોટાપાયે ઉત્પાદન થતું હશે અને તેની નિકાસ પણ થતી હશે એવો આશાવાદ ગડકરીના નિવેદનમાં દેખાય છે. આમ પણ ભારતે ઘણા સમય પહેલા જાહેર કરેલું કે આવતા દસ કે પંદર વર્ષ પછી ભારતમાં ક્રમિક રીતે પેટ્રોલ-ડિઝલથી ચાલતા વાહનોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવશે. એનો અર્થ એ કે વાહનચાલકોનો ઈલેક્ટ્રિક વિહિકલની બજાર તરફ વળશે. ઈલેક્ટ્રિક વિહિકલનો સમય લાવવામાંમાં સૌથી મોટો પડકાર તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઊંચી કિંમતનો છે. અત્યારે ટાટા જેવી ભારતીય કંપનીએ ઈલેક્ટ્રિક કાર વેચવાનું ચાલુ કર્યું છે પણ તેની વેચાણ કિંમત એ જ કેટેગરીની પરંપરાગત ગાડી કરતા બમણી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# આજે અક્ષર શીલુનો જન્મદિવસ



રાજકોટ: શીલુ પરિવારના લાડકવાયા અક્ષરનો આજે જન્મદિવસ છે. તેના જન્મદિવસે પપ્પા સમીર, મમ્મી ભૂમી, દાદી મધુબેન, દાદા ચંદ્રકાન્તભાઇ તેમજ શીલુ પરિવાર તરફથી અક્ષરને જન્મદિવસની શુભેચ્છા આપી રખ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી અક્ષરને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...(૧૩)

# મનપા સંચાલિત પુસ્તકાલયોમાં ગત માસે ૪૧,૬૨૦ લોકોએ મેળવ્યું



સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકોની ઉપલબ્ધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય, શ્રી બાબુભાઈ વૈધ લાયબ્રેરી ડો. બાબાસાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ-૧ તથા યુનિટ-૨, મહિલા એકટીવિટી સેન્ટર તથા મહિલા વાચનાલયમાં એક માસ દરમ્યાન કુલ ૪૧,૬૨૦ વાંચનપ્રેમીઓએ લાભ લીધેલ હતો. આ એક માસ દરમ્યાન ૨૬૪ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૧,૦૦૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૩૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલ સાથે સાથે ૧૦૦ જેટલા વિવિધ વિષયોના મલ્ટીમીડિયા પણ ઇસ્યુ મુકવામાં આવેલા છે. વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી વાંચનાલયનો સમય રાત્રે ૧૧ વાગ્યા સુધીનો કરવામાં આવેલા છે. જેનો છેલ્લા એક મહિનામાં કુલ ૩,૭૨૦ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ લાભ લીધેલ છે.

આ સુવિધાઓનો શહેરીજનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા પ્રયત્ન રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે જેનો શહેરના નાગરિકો લાભ મેળવે તેવી અપીલ કરવામાં આવે છે.

### જવાહર નવોદય વિદ્યાલયમાં નિયમોમાં અચાનક ફેરફાર કરાતા

# હજારો બાળકો પ્રવેશથી વંચિત, પગલા લેવા માંગ

### ગુજરાત પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણમંત્રીને જોરદાર રજૂઆતઃ મે,૨૦૧૩માં જન્મેલા બાળકોને પણ નવોદયમાં પ્રવેશ આપવા માંગણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ગુજરાત પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે જવાહર નવોદય વિદ્યાલય દ્વારા નિયમોમાં અચાનક કરાયેલા ફેરફારોને પગલે હજારો બાળકો પ્રવેશથી વંચિત રહ્યા હોવાની રાજ્યના શિક્ષણમંત્રીને વિગતવાર લેખિત રજૂઆત કરી છે. શિક્ષણ મંત્રાલય નવોદયના નિયમોમાં સુધારો કરી ગુજરાતના હજારો બાળકોને ન્યાય અપાવે તેવી માંગણી કરવામાં આવી છે.

મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ આર.પટેલ અને મહામંત્રી અનિરૂધ્ધસિંહ પી. સોલંકીએ શિક્ષણમંત્રી કુબેર ડીંડોરને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, ગુજરાત સરકાર શાળા પ્રવેશોત્સવ દરમ્યાન મે મહિના સુધી જન્મેલા બાળકોને સરકારી શાળામાં પ્રવેશ આપે છે. અત્યારે એકાએક જવાહર નવોદય વિદ્યાલય દ્વારા નિયમોમાં ફેરફાર કરી તા.૧/૫/૨૦૧૧ થી ૩૦/૪/૨૦૧૩ સુધીમાં જન્મેલા બાળકોને જ નવોદય પરીક્ષામાં બેસવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરિણામે ગામડાની સરકારી શાળામાં ભણતા અને મે, ૨૦૧૩ માં જન્મેલા હજારો બાળકો નવોદય પરીક્ષામાં બેસવાથી વંચિત રહી ગયા છે. નવોદયના નિર્ણયને લીધે માત્ર ૨૦૧૩ માં જન્મેલા બાળકોને જ અન્યાય થઇ રહ્યો છે.

મે, ૨૦૧૩ માં જન્મેલા બાળકોને પણ પ્રવેશ મળી જાય એ માટે શિક્ષણમંત્રી જરૂરી સુધારો કરી હજારો બાળકોને ન્યાય અપાવે એવો મહાસંઘે અનુરોધ કર્યો છે.(૨.૧૨)

## પુનિત ભજન સમાજ દ્વારા ધૂન ભજનનો કાર્યક્રમ

રાજકોટઃ પુનિત ભજન સમાજ દ્વારા ધૂન,ભજનનો કાર્યક્રમ તા.૧૨ ના રાતે ૯:૩૦ થી ૧૧:૩૦ પ્રદીપભાઇ સોનછત્રાના નિવાસ ૪ - સિદ્ધિ વિનાયક પાર્ક, કુવાડવા રોડ આશ્રમથી આગળ, એલ.પી.પાર્ક સામે યોજાશે.

# સમસ્ત સોની સમાજ યુવા શકિત સમિતિ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

સેટેલાઇટ કલબ અને સોની સ્પોર્ટસ કલબ,સમસ્ત સોની સમાજ યુવા શક્તિ સમિતિ અને સેટેલાઇટ કલબના ઉપક્રમે રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ હતી. ત્રણ દિવસ ચાલેલી આ ટુર્નામેન્ટની ફાઇનલ ૮ જાન્યુઆરીના શ્રીમદ્ ઇલેવન અને માહી ઇલેવન વચ્ચે રમાઇ હતી. મેચ ટાઇ થતાં સુપર ઓવર રાઉન્ડ રમાયો હતો. શ્રીમદ્ ઇલેવન ટીમ વિજેતા બની હતી. ચેતનભાઇ ધકાણ, કુમારભાઇ ધાણકના હસ્તે ચેમ્પિયન કપ ટ્રોફી એનાયત કરાઇ હતી.અમિતભાઇ જોગિયા, કેતનભાઇ, જિગ્નેશભાઇ, મનીષભાઇની ટીમ રનર્સઅપ બની હતી.

# ગોંડલના રૂપાવટીથી તસ્કર બેલડી રૂ. ૫ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝબ્બે

### રાજકોટના ૨૦થી વધારે ગામોમાં ચોરીને અંજામ આપ્યો



ગોંડલ, તા.૧૨

રાજકોટ જિલ્લાના ગોંડલ, કોટડા સાંગાણી, શાપર, વેરાવળ, જામકંડોણા સહિત તાલુકાના ૨૦થી વધારે ગામોમાં અનેક ચોરીની ઘટનાઓ બની હોવાની વ્યાપક ફરિયાદને લઈ પોલીસે તસ્કરોને ઝડપવા ચક્ર ગતિમાન કર્યા હતા. જે અંતર્ગત બાતમીના આધારે ગોંડલ તાલુકાના રૂપાવટી ગામેથી બે તસ્કરોને સોના ચાંદીના દાગીના, મોબાઈલ, બાઇક તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. ૫,૯૬,૦૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ઉપરોક્ત ગામોમાં દિન પ્રતિદિન ચોરીની ઘટના બની રહી હોય જેની ફરિયાદ રાજકોટ એલસીબી ક્રાઈમ બ્રાન્ચ પાસે આવતા પીઆઇ વીવી ઓડેદરા, પીએસઆઇ ગોહિલ, બડવા, તેમજ એ.એસ.આઇ મહેશભાઈ જાની, અમિત સિંહ જાડેજા, મહિપાલસિંહ જાડેજા ,નરેન્દ્રસિંહ રાણા, જયેન્દ્રસિંહ વાઘેલા, અનિલભાઈ ગુજરાતી, રૂપકભાઈ બોહરા અને પ્રહલાદભાઈ રાઠોડ સહિતના પોલીસ કર્મીઓએ તસ્કરોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા હતા.

દરમિયાન ગોંડલના રૂપાવટી પાસેથી અશોક ઉર્ફે હસમુખ ભીખાભાઈ વાઘેલા રહે. રૂપાવટી તેમજ અજય ઉર્ફે જયંતીભાઈ ઝાપડિયા રહે. સુરેશ્વર ચોકડી રેલ્વે ફાટક પાસે ગોંડલ વાળાને ઝડપી લીધા હતા અને તેમની પાસેથી સોનાના દાગીના કિંમત રૂ. ૩,૯૮,૭૦૦, ચાંદીના દાગીના કિંમત રૂ. ૬૩,૬૯૦, બે મોબાઈલ ફોન બે કિંમત રૂ. ૫,૫૦૦ તેમજ એક બાઈક કિંમત રૂ. ૨૫,૦૦૦ તથા રોકડા રૂપિયા ૧,૦૩,૨૦૦ મળી કુલ રૂ. ૫,૯૬,૦૯૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાંથી ચોરાયેલા ૪ બાઇક સાથે બે ઝડપાયા



ગોંડલ, તા.૧૨

રાજ્યમાં અવાર-નવાર ચોરીના બનાવો બનતા રહે છે. આવી જ એક ચોરીના બનાવનો પોલીસે ભેદ ઉકેલી ચોરોને ઝડપી લીધા છે. રાજકોટ જિલ્લામાં ચાર બાઈક ચોરીની ઘટનાને અંજામ આપનાર બે શખ્સોને ભુનાવા ચોકડી પાસેથી પોલીસે ઝડપી લીધા છે.

પ્રાપ્ત વિગતો મુજબ એલ.સી.બી.રાજકોટ ગ્રામ્યના પીઆઈ વી. વી. ઓડેદરા, હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ રાણા, જયેન્દ્રસિંહ વાઘેલા, અનીલભાઇ ગુજરાતી, રૂપકભાઇ બોહરા, પ્રહલાદસિંહ રાઠોડ સહિતનાઓએ બાતમીના આધારે મહેન્દ્ર ઉર્ફે મયુર ઉર્ફે ગની કાંતીભાઇ સોલંકી, શાંતીલાલ ઉર્ફે સની ઉર્ફે ગુંજન સુધીરભાઇ ધોળકિયાને રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાંથી ચોરી કરેલા ચાર બાઇક કિંમત રૂ. ૧,૦૫,૦૦૦ના મુદ્દામાલ સાથે ગોંડલ તાલુકાના ભુણાવા ગામેથી પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. ઝડપાયેલા તસ્કરોએ કબૂલ્યું હતું કે, આશરે અઢી મહિના પહેલા શાપર-વેરાવળ, શાંતીધામ સંજીવની એરીયામાંથી બપોરના સમયે એક કાળા કલરના સ્પલેન્ડરની ચોરી કરી હતી. બે મહિના પહેલા ગોંડલ તાલુકાના રીબડા ગામની સીમમાં રીબડા ધારે એરીયામાંથી બપોરના સમયે એક સિલ્વર કલરના સ્પલેન્ડરની ચોરી કરી હતી.

# રાજકોટ ક્રાઈમ

## આર્થિક ભીસથી કંટાળી આધેડે ફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું

રાજકોટઃ શહેરના યુનિવર્સિટી રોડ પર શાંતિનગર મફતિયાપરામાં ઝુપડામાં રહેતા અને મજુરીકામ કરતા જયસુખભાઈ નાથાભાઈ રાઠોડ (ઉ.વ.૫૦)એ ઝુપડામાં ફાસો ખાઈ આપઘાત કરી લેતા યુનિવર્સિટી પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં બીમારીથી પીડાતા આધેડે આર્થિક ભીસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

## પરપ્રાંતિય નવોઢાએ ફાંસો ખાઈ જીવન ટુકાવ્યું

રાજકોટઃ શહેરના સંતકબીર રોડ પર કનકનગરમાં રહેતા મૂળ યુપીના રેણુકાબેન પુજારી સહાની (ઉ.વ.૨૨)એ છતના હુકમાં દુપટ્ટો બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા થોરાળા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં છ માસ પૂર્વે જ લગ્ન થયા હોવાનું જાણવા મળ્યું હતું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

## પ્રૌઢ પર દિયરનો ઇંટથી હુમલો

રાજકોટઃ શહેરના નાના મવા રોડ પર ચંપાબેન કિરભાઈ પરમાર (ઉ.વ.૬૪) એ આજી ડેમ પોલીસમાં ઢાંઢણી ગામે રહેતા દિયર જગદીશ વશરામભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઢાંઢણી ગામે આવેલ મકાન વારસાઈમાં મળ્યું હોય રીનોવેશન માટે ગત ૬ તારીખે ઇંટોનું ટ્રેક્ટર લઈને પતિ સાથે ગયા હતા ત્યારે જગદીશે અહીં આવવું નહીં કહી મારી નાખવાની ધમકી આપી ઇંટોથી હુમલો કર્યો હતો આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે.

### વડિયા પોલીસનો નવતર પ્રયોગ

# વ્યાજખોરો સામે માઇકથી મુખ્ય બજારમાં જાગૃતિ અભિયાન

### પોલીસ કર્મીઓ દ્વારા ઓટો રીક્ષામાં બેનરો લાગાવી મુખ્ય બજારમાં જાગૃતતા લાવવા પ્રયાસ કર્યો



**(કિરીટ જોટવા દ્વારા)**
વડિયા, તા.૧૨

વડિયા અમરેલી જિલ્લાના જિલ્લા પોલીસ વડા હિમકર સીંગની સૂચનાથી સમગ્ર જિલ્લામાં વ્યાજખોરી નાબુદી અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. ત્યારે જિલ્લાના છેવડાના તાલુકા મથક એવા વડિયામાં પીએસઆઇ ઓડેદરા અને વડિયા પોલીસ દ્વારા વ્યાજખોરો સામે પીડાતા લોકોમાં જાગૃતતા લાવવા માટે એક અનોખું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ કર્મીઓ સાથે એક ઓટોરીક્ષામાં વ્યાજખોરી નાબુદી અભિયાનના બેનરો લગાવીને માઈક દ્વારા ગ્રામજનો ને જાગૃત કરવા માટે મુખ્ય બજારમાં રેલી રૂપે ફર્યા હતા અને પત્રિકાઓનું પણ વિતરણ કર્યું હતું. શાહુકારો દ્વારા અપાયેલ ઉંચા વ્યાજના રૂપિયાના કારણે વ્યાજખોરીથી પીડાતા લોકોને આવા લોકો સામે અરજી આપવા અને ફરિયાદ કરવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

## પાટીદાર જ્ઞાતિના લગ્નોત્સુકો માટે નિઃશુલ્ક જીવનસાથી પરિચય મેળો યોજાશે

રાજકોટઃ ગુજરાતભરમાં વસતા પાટીદાર પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે નિઃશુલ્ક જીવનસાથી પસંદગી સમારોહ ૧૩ થી ૧૫ જાન્યુઆરી સવારે ૯ થી ૧૨ સુધી યોજાશે. યુવક યુવતીઓએ બાયોટેડા, ફોટા સાથે ઉપરોક્ત તારીખ દરમિયાન સમસ્ત પાટીદાર પટેલ સમાજ, કોપર આર્કેડ, મવડી પ્લોટ મેઇન રોડ, વિશ્વેશ્વર મંદિર સામે રાજકોટ ખાતે સંપર્ક સાધવાનો રહેશે તેમ અર્જુનભાઇ લીંબાસીયાએ જણાવ્યું છે.

## મહિલા અને બાળ વિકાસ વિભાગે યોજાયો કિશોરી મેળો

રાજકોટઃ ગોંડલ ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી ગોંડલ ૧/૨ ઘટક લોધિકા, કોટડા સાંગાણી, ઘટકના આઇ.સી.ડી.એસ.ના બાળ વિકાસ યોજના અધિકારીના વડપણ હેઠળ સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન અંતર્ગત કિશોરી મેળો યોજાયો હતો.

# ખંભાળિયાના ત્રણ વર્ષના બાળકને ગંભીર બીમારી

**સહાયભૂત થવા દાતાઓને અપીલઃ રેર ડીસીઝની ગંભીર બીમારીમાં રૂ.૨૦ લાખનો ઓપરેશન ખર્ચ**



ખંભાળિયાઃ ખંભાળિયામાં ગાયત્રીનગર વિસ્તારમાં ગઢવી કરસનભાઇ માયાણીનો ૩ વર્ષનો પુત્ર શિવમ રેર ડીસીઝની બીમારીમાં સપડાયેલ હોય, તેને બોનમેરો ટ્રાન્સફર કરવા તેમજ અન્ય સારવાર માટે રૂ.૨૦ લાખ જેટલો સારવાર ખર્ચ થનાર છે. આ બાળકનો પરિવાર આટલો મોટો ખર્ચ ઉપાડી શકે તેમ ન હોય, આ નાના બાળકનું ઓપરેશન કરવું અનિવાર્ય હોવાથી બાળકની ગંભીર બીમારીમાં આ પરિવારને સહાયભૂત થવા અપીલ કરવામાં આવી છે.(૧૩)

# ગૃહ વિભાગનો મહત્વનો નિર્ણય : ગુજરાતના સિનિયર IPS અધિકારીઓને અપાયું પ્રમોશન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ગુજરાત પોલીસ બેડામાં મોટા ફેરફારો થયા છે. સિનિયર IPS અધિકારીઓના પ્રમોશનના આદેશ અપાયા છે. જેમાં પ્રેમવિરસિંહને IG તરીકે પ્રમોશન અપાયું છે, જ્યારે પિયુષ પટેલને ADGP તરીકે પ્રમોશન અપાયું છે.

ભૂપેન્દ્ર પટેલ સરકારના ગૃહ મંત્રાલયે સરકારના સિનિયર પોલીસ અધિકારીઓને પ્રમોશન આપ્યું છે. ગૃહમંત્રાલય દ્વારા સિનિયર IPS અધિકારીઓના પ્રમોશનના આદેશ આપવામાં આવ્યા છે.

જેમાં પ્રેમવિરસિંહને IG તરીકે પ્રમોશન અપાયું છે. જ્યારે 7 SP કક્ષાના અધિકારીઓના ગ્રેડ સુધારાયા છે.ગુજરાતના સિનિયર IPS અધિકારીઓને પ્રમોશન અપાયું છે.

ક્રાઈમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનર અને ૨૦૦૫ બેચના IPS અધિકારી પ્રેમવીરસિંહને પ્રમોશન અપાયું છે. તેઓને IG તરીકે પ્રમોશન અપાયું છે. જ્યારે સુરત રેન્જ IG તરીકે ફરજ બજાવતા ૧૯૯૮ બેચના IPS અધિકારી પિયુષ પટેલને ADGP (Additional Director General Of Police) તરીકે પ્રમોશન અપાયું છે. જ્યારે ૭ એસપી કક્ષાના અધિકારીઓના ગ્રેડ સુધારવામાં આવ્યા છે. જેમાં ૭ SP કક્ષાના અધિકારીઓના ગ્રેડ સુધારાયા છે.

IPS જયપાલસિંહ રાઠોર, IPS ડો.લીના માધવરાવ પાટીલ, IPS શ્વેતા શ્રીમાળી IPS નિર્લિપ્ત રાય, IPS દીપકકુમાર મેઘાણી, IPS મહેન્દ્ર બગરીયા, IPSસુનિલ જોશી.

અત્રે ઉલ્લેખનીય છે કે,આ મહિનાની ૩૧ મી જાન્યુઆરીના રોજ ગુજરાત રાજ્યના ડીજીપી આશિષ ભાટિયા નિવૃત્ત થશે તેમ નિશ્ચિત મનાય રહ્યું છે.

ગુજરાતમાં હવે ચૂંટણીઓ પૂરી થઈ ગઈ છે. આ જોતા હાલના ડીજીપી આશિષ ભાટીયાને ફરી એક્સટેન્શન મળે તેવી સંભાવના ખૂબ જ ઓછી છે.આવા સંજોગોમાં ગુજરાતના નવા ડીજીપી કોણ બનશે તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ વચ્ચે આજે રાજ્યના ગૃહ વિભાગે પોલીસ બેડામાં ધરખમ ફેરફાર કર્યા છે.

## પ્રેમવિરસિંહને IG અને પિયુષ પટેલને ADGP બનાવાયા

## ૧૧ દિવસ પૂર્વે અકસ્માતમાં ઘવાયેલા યુવાને દમ તોડ્યો

રાજકોટઃ બેડી ગામે રહેતા કિરણ રામજીભાઈ મોરાડીયા (ઉ.વ.૨૬) અને તેના માસીયાઈ ભાઈ ઋત્વિક વિનોદભાઈ પરમાર ગત ૩૧ ડિસેમ્બરે કાર લઇ ચા-પાણી પીવા નીકળ્યા હતા દરમ્યાન આઈસર ચાલકે ઠોકર મારતા બંનેને ઈજા થતાં હોસ્પિટલે ખસેડાયા હતા. અહીંથી રજા લીધા બાદ ગઈકાલે કિરણની તબિયત ફરી લથડતા હોસ્પિટલે ખસેડતા મોત નીપજ્યું હતું બનાવ અંગે કુવાડવા પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે.

# પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા

# સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે સુપર-૪૦ સેન્ટર ફોર એક્સેલન્સ પ્રોજેક્ટ લોન્ચ




પત્રકાર પરિષદમાં માહિતી આપતા પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના ચેરમેન વિજયભાઇ રૂપાણી, અંજલીબેન રૂપાણી, મેહુલભાઇ રૂપાણી, અમીનેશભાઇ રૂપાણી, ભાવેનભાઇ ભટ્ટ, જયેશભાઇ ભટ્ટ, મીરાબેન મહેતા, હસુભાઇ ગણાત્રા અને હર્ષદભાઇ પરમાર તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ અને ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલન્સના સંયુકત ઉપક્રમે સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે સુપર-૪૦(નિઃશુલ્ક) સેન્ટર ફોર એક્સેલન્સ પ્રોજેકટનું અયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ JEE પરીક્ષા પાસ કરી IIT અને દેશની ટોપ એન્જીનિયરીંગ કોલેજમાં પ્રવેશ મેળવેએ માટે આર્થિક રીતે પછાત પરંતુ ભણવામાં હોશિયાર હોય એવા વિદ્યાર્થીઓ માટે અમૂલ્ય તક છે. આ માટે પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. જેમાં ટોપ ૪૦ વિદ્યાર્થીઓને સિલેકટ કરવામાં આવશે.

પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા આર્થિક રીતે પછાત પરંતુ અભ્યાસમાં તેજસ્વી હોય તેવા બાળકો માટે તા.૧૫/૭/૨૦૦૦ ગુરૂપૂર્ણિમાના દિવસથી જ્ઞાનપ્રબોધિની પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેકેટ અંતર્ગત ધો. ૮ થી ૧૨ સુધીના અભ્યાસ અર્થે બાળકોને પ્રવેશ મેળવે છે. જ્ઞાનપ્રબોધિની પ્રોજેકેટમાં અત્યાર સુધી ૨૩ બેચ અંતર્ગત ૩૩૪ બાળકો લાભાર્થી રહ્યા છે. જેમાં એન્જીનિયરીંગમાં આશરે ૯૧ વિદ્યાર્થીઓએ તેમજ મેડિકલ ક્ષેત્રે આશરે ૪૮ બાળકોએ પ્રવેશ મેળવી કારર્કિદી બનાવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત ધો.૧૦ બોર્ડ ૨૦૨૨ માં ૯૯.૯૭ PR સાથે ત્રીજા નંબરે ૨ બાળકો તેમજ ૯૯.૯૫ PR સાથે પાંચમાં નંબરે ૧ બાળકે રેન્ક પ્રાપ્ત કરેલ છે અને ૨૦૧૯માં ધો. ૧૦ બોર્ડમાં ૯૯.૯૮ PR, ૯૯.૯૬ PR તથા ૯૯.૯૫ PR સાથે ત્રણ બાળકો ઉતીર્ણ થયેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત ધો.૮ થી ૧૨ માં ૮૫ બાળકો અભ્યાસ કરી રહ્યો છે. જ્ઞાનપ્રબોધિની પ્રોજેકટ અંતર્ગત એક વિદ્યાર્થી કેનેડા સ્થિત ઈન્ફોસીસમાં કામ કરી રહ્યા છે. એક વિદ્યાર્થીની IISC બેંગ્લોર ખાતે પી.એચ.ડી. કરી રહ્યા છે. આ પ્રોજેકટ અંતર્ગત અભ્યાસ કરેલ બાળકે તાજેતરમાં જાહેર થયેલ CA ના પરિણામમાં ઉતીર્ણ થઇ CA ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. સુપર-૪૦(નિઃશુલ્ક) સેન્ટર ફોર એકસેલન્સ પ્રોજેકટ સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ JEE પાસ કરીને IIT અને દેશની ટોચની યુનિવર્સિટીઓમાં એન્જીનિયરીંગ માટે પ્રવેશ મેળવે અને સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ NEET ની પરીક્ષા પાસ કરી દેશની ટોચની યુનિવર્સિટીઓમાં મેડિકલ ફેકલ્ટી અંતર્ગત પ્રવેશ મેળવે એ માટે આ પ્રોજેકટ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત ૪૦-૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આ પ્રોજેકટ સંપૂર્ણ નિઃશુલ્ક છે.

આર્થિક રીતે પછાત પરંતુ ભણવામાં હોશિયાર વિદ્યાર્થીઓને સુપર-૪૦ અંતર્ગત પ્રવેશ આપવામાં આવશે. ધો. ૧૦,૧૧ અને ૧૨ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. સુપર-૪૦ બેચની ફોર્મ ભરવાની તા.૧૩ જાન્યુઆરી થી ૭ ફેબ્રુઆરી, ફોર્મ ભરવાનો સમય સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ફોર્મ ભરવા માટે www.super40rajkot.com વેબસાઇટ પરથી ઓનલાઇન ફોર્મ ભરી શકશે. રીઝલ્ટ ૨૮ ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવશે. તેમજ તેમજ રૂબરૂ ફોર્મ ભરવા માટે પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ 'કિલ્લોલ', ૧-મયુરનગર ભાવનગર રોડ, રાજકોટ અને ગુજરાતના સ્કૂલ ઓફ એકસેલન્સ, શિવધારા રેસીડેન્સી, શ્રી બંગલોની બાજુમાં, કુવાડવા રોડ રાજકોટ ખાતે રૂબરૂ ફોર્મ ભરી શકાશે.

આ પ્રોજેકટ અંતર્ગત ધો.૯,૧૦ અને ૧૧માં સ્કૂલની લાસ્ટ એક્ઝામમાં ૭૦% ઉપર માર્કસ લાવનાર વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસવા માટે એલીજીબલ છે. સુપર-૪૦ બેચમાં JEE ના બેસ્ટ શિક્ષકો દ્વારા શિક્ષણ, રોજની પાંચ કલાક કોચીંગ આપવામાં આવશે. દરરોજ રીવિઝન, ગ્રુપ ડિસ્કશન, સ્માર્ટ બોર્ડ જેવી ટેકનોલોજી દ્વારા ભણાવવામાં આવશે.

હર્ષદભાઈ પરમાર, ડો.દેવેનભાઈ પાટણવારીયા સાથે તેમની તજજ્ઞની ટીમ સહાયક શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે. આ સુપર-૪૦ પ્રોજેકટ અંતર્ગત સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ જોડાય એ માટે સૌરાષ્ટ્રની જનતાને આહવાન કરીએ છીએ તેમ પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

### સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ અંતર્ગત શહેર યુવા મોરચા દ્વારા

# 'યંગ ઈન્ડીયા રન/યુવા ભારત દોડ-મેરેથોન' યોજાઇ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

યુવાનોના પ્રેરણાસ્ત્રોત, માર્ગદર્શક અને યુગદ્રષ્ટા શ્રી સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ તેમજ રાષ્ટ્રીય યુવા દિવસ અંતર્ગત પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ ડો. પ્રશાંત કોરાટના માર્ગદર્શન હેઠળ રાજયના દરેક જિલ્લા/મહાનગરમાં શહેર ભાજપ યુવા મોરચા દ્વારા યંગ ઈન્ડીયા રન/યુવા ભારત મેરેથોન દોડ-મેરેથોન યોજવામાં આવેલ. તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ અને શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયાની આગેવાનીમાં શહેર ભાજપ યુવા મોરચા દ્વારા બાલભવનના ગેઈટ ખાતેથી મેરેથોન નો ભાજપ અગ્રણીઓ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન પુષ્કર પટેલ, શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કોર્પોરેટર મનીષ રાડીયા દ્વારા આ મેરેથોનને પ્રસ્થાન કરાવવામાં આવેલ, જે કિશાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, બહુમાળી ભવન, પોલીસ હેડ ક્વાર્ટરનો ગેઈટ, એરપોર્ટ સામેનો ગેઈટ થઈને મેયર બંગલા, રેસકોર્ષ રીંગ રોડ ખાતે સમાપન થયેલ. આ તકે યુવા મોરચાના પ્રવીણભાઈ સેગલીયા, પુર્વેશ ભટ્ટ, જયપાલ ચાવડા, સહદેવસિંહ ડોડીયા, પાર્થરાજ ચૌહાણ, કેયુર અનડકટ, સંજય વજકાણી, તેમજ વોર્ડના યુવા મોરચાના પ્રમુખ, મહામંત્રી અને શહેર કારોબારી સભ્યો, તેમજ યુવા મોરચાના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.(૧૩)

### શહેર ભાજપ પ્રમુખ કમલેશ મીરાણી સહિતના અગ્રણીઓએ 'મેરેથોન'નો પ્રારંભ કર્યો

# સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા મનપાના પદાધિકારીઓ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજરોજ સ્વામી વિવેકાનંદની ૧૬૦ મી જન્મજયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલિ કરતા સંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર અને ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન અતુલભાઈ પંડીત, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન પરેશભાઈ પીપળીયા, કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, ચેતનભાઈ સુરેજા, મગનભાઈ સોરઠીયા, સંજયસિંહ રાણા, દિલીપભાઈ લુણાગરીયા, સંદીપભાઈ ગાજીપરા, અલ્પેશભાઈ મોરજરીયા, વિનુભાઈ સોરઠીયા, જીતુભાઈ કાટોડીયા, રવજીભાઈ મકવાણા, નયનાબેન પેઢડીયા, કંચનબેન સિધ્ધપુરા, રાજેશ્રીબેન ડોડીયા, કંકુબેન ઉઘરેજા, મંજુબેન કુંગશીયા, લીલુબેન જાદવ, અલ્પાબેન દવે, મિતલબેન લાઠીયા, અસ્મિતાબેન દેલવાડીયા તેમજ ભાજપ અગ્રણી કિરણબેન માંકડીયા, અશોકભાઈ લુણાગરીયા, કાનાભાઈ ઉઘરેજા, નીતિનભાઈ ભૂત, હેમભાઈ પરમાર, ઘનશ્યામભાઈ કુંગશીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## વોર્ડ નં.૧૧ શિવસેના સંગઠન પ્રમુખ સાગરસિંહ ડોડીયાનો આજે જન્મદિવસ



રાજકોટઃ શિવસેના વોર્ડ નં.૧૧ સંગઠન પ્રમુખ સાગરસિંહ ડોડીયાનો આજે જન્મદિવસ છે. ૨૭ વર્ષ પૂર્ણ કરી. ૨૮ વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. ગુજરાત પ્રદેશ પ્રભારી જીમીભાઈ અડવાણી તેમજ શનિભાઈ ડોડીયા નિતિનસિંહ, મેહુલસિંહ ડાભી, ઋતુરાજસિંહ જાડેજા, જય રામનાથ યુવા ગ્રુપ, વાજડી યુવા ગ્રુપ સહિતનાઓ અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી છે. (૭૯૯૦૩૩૪૬૭૬)

# શાલીભદ્ર સરદારનગર સ્થા. જૈન સંઘ ત્રિ-દિવસીય મહોત્સવમાં તપ-જપ-આરાધનનાં રંગે રંગાશે

### કાલે વ્યાખ્યાન તથા ૯૦૦ સામુહિક આયંબિલ શનિવારે જીવદયા, રાશનકિટ વિતરણ : રવિવારે વિરાણી હાઈસ્કૂલ-ડુંગર દરબાર ખાતે શુભેચ્છા સમારોહ-ગૌતમ પ્રસાદનું સુંદર આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

ગોંડલ સંપ્રદાયના પૂ. ડુંગર દરબારનાં સાહિત્ય પ્રેમી પૂ.દેવેન્દ્રમુનિ મહારાજ સાહેબ, પૂ.ધીજમુનિ મ.સા., ગુજરાત રત્ન પૂ.સુશાંતમુનિ મ.સા., રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મ.સા. બોટાદ સંપ્રદાયનાં પૂ.જયેશમુનિ મહારાજ સાહેબ આદિ પૂ. ગુરૂદેવો તથા બૃહદ રાજકોટમાં બિરાજીત વિશાળ સતિવૃંદની નિશ્રામાં આગામી તા.૧૩,૧૪,૧૫ જાન્યુઆરી ૨૦૨૩નાં રોજ ગોંડલ સંપ્રદાયનાં તીર્થ સ્વરૂપા, સુદીર્ઘ દીક્ષા પર્યાયધારી વડેરા સાશનચંદ્રીકા ગુરૂણી મૈયા બા.બ્ર.પૂ. હિરાબાઈ મહાસતીજીની ૯૧મી જન્મ જયંતિ, ૭૨મી દિક્ષા જયંતી શ્રી સરદારનગર સંઘનાં ૫૦માં સુવર્ણ જયંતિ વર્ષે તપ-ત્યાગ, ધર્મધ્યાન, માનવતા, જીવદયા આદિના અનેક સત્કાર્યો સાથે ત્રિ-દિવસીય મહોત્સવ આયોજીત કરેલ છે.તા.૧૩ ને શુક્રવારનાં રોજ સવારે ૯:૩૦ કલાકે સરદારનગર ઉપાશ્રય ખાતે વ્યાખ્યાન તથા ત્રિરંગી સામાયિક, ત્યારબાદ બપોરે ૧૧.૩૦ કલાકે બૃહદ રાજકોટના જૈન ભાવિકો માટે આયંબિલ તપનું આયોજન રાખેલ છે. ઉપરાંત રાજકોટની સ્લમ વિસ્તારમાં રહેતા જરૂરીયાતમંદ ૫૦૦ પરિવારોને રાશનકીટ વિતરણ કરવામાં આવેલ છે. આ સામુહિક આયંબિલ તપ તથા સ્લમ વિસ્તારની રાશનકિટનાં અનુમોદક દાતા માતુશ્રી ગિરજાબેન જમનાદાસભાઈ દામાણી પરિવારએ લાભ લીધેલ છે.

તા.૧૪ ને શનિવારના રોજ સવારે ૫.૩૦ કલાકે સરદારનગર ઉપાશ્રય ખાતે રાઈસી પ્રતિક્રમણ, સવારે ૯.૩૦ કલાકે વ્યાખ્યાન, પૂ.હિરાબાઈ મહાસતીજીનાં જીવન ઉપર મહિલા મંડળનાં બહેનો દ્વારા સંવાદ ત્યારબાદ બપોરે ૧૧.૩૦ કલાકે બૃહદ રાજકોટના આશરે ૭૦૦ સાધર્મિક ભાવિકો તેમજ ઉપાશ્રયનાં કર્મચારીઓને માતુશ્રી કમળાબેન શામળદાસભાઈ મહેતા પરિવાર અ.સૌ. રુનાબેન નૌશીતભાઈ મીઠાણી પરિવાર (પૂ.સ્મિતાબાઈ મ. ના સંસારી પરિવારજનો) આદર્શ ગુરૂભકત માતુશ્રી નીરૂબેન વિરેન્દ્રભાઈ સંઘવી પરિવાર તરફથી રાશનકિટ વિતરણ તેમજ માતુશ્રી સુશીલાબેન અનોપચંદભાઈ મહેતા - બેંગલોર તથા શ્રીમતિ સરોજબેન મહેન્દ્રભાઈ મહેતા-બેંગલોર (પૂ.હિરાબાઈ મ., પૂ.નંદાબાઈ, પૂ.જ્યોતિબાઈ મ.નાં સંસારી બહેનો) તરફથી બ્લેન્કેટ વિતરણ કરવામાં આવનાર છે. તા.૧૫ ને રવિવારનાં રોજ ટાગોર રોડ ઉપર આવેલ વિરાણી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ બનાવવામાં આવેલ ડુંગર દરબારમાં ગોંડલ સંપ્રદાયનાં તીર્થ સ્વરૂપા, સુદીર્ઘ દીક્ષા પર્યાયધારી વડેરા સાશનચંદ્રીકા ગુરૂણી મૈયા બા.બ્ર.પૂ. હિરાબાઈ મહાસતીજીની ૯૧મી જન્મજયંતિ, ૭૨મી દિક્ષા જયંતિ અવસરે શુભેચ્છા સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. તેમ જણાવ્યું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## ત્રણ મહિનામાં ત્રણ મોટા રોકેટ લોન્ચ કરશે ઈસરો

ઉદઘાટન કર્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું, જાન્યુઆરી અને ફેબ્રુઆરીના અંત સુધીમાં અમે SSLV લોન્ચ કરવાની યોજના બનાવી રહ્યા છીએ. તે પછી આગળનું મિશન એલવીએમ-૩ હશે તે પછી પીએસએલવીને ફરીથી વ્યાપારી હેતુ માટે લોન્ચ કરવામાં આવશે. આગામી ત્રણ મહિના માટે આ તાત્કાલિક લક્ષ્ય છે. ગગનયાન વિશે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સોમનાથે કહ્યું કે, ગગનયાનનું ફ્લાઇટ ટેસ્ટ એપ્રિલ અથવા મે મહિનામાં થઈ શકે છે. ગગનયાન એ અવકાશમાં ક્રૂ મોકલવાનું ભારતનું મહત્ત્વાકાંક્ષી મિશન છે. ISROના અધ્યક્ષ એસ. સોમનાથે જણાવ્યું હતું કે દેશ હજુ પણ સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ અને સ્પેસ ટ્રાફિક મેનેજમેન્ટ (STM) માં તેની બાલ્યાવસ્થામાં છે અને ISRO આ ક્ષેત્રમાં ક્ષમતાઓ વિકસાવવા માટે વિચારી રહી છે. તેમણે કહ્યું કે ISRO દેશમાં અવલોકન પ્લેટફોર્મ બનાવવા માટે તકનીકી ક્ષમતા મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. જે વિશ્વમાં પરસ્પર સન્માન પ્રાપ્ત કરવામાં મદદ કરશે. તેમણે કહ્યું, ભારત એસએસએ અને એસટીએમના આ વિશેષ ક્ષેત્રમાં રસ ધરાવે છે. અમે નાગરિક અને સુરક્ષા બંને પાસાઓમાં ભારતમાં ક્ષમતાઓ વિકસાવવા માંગીએ છીએ. અવકાશ વિજ્ઞાનીએ કહ્યું, અમે ભારતમાં અવલોકન પ્લેટફોર્મ બનાવવાની તકનીકી ક્ષમતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, વૈશ્વિક અવકાશ પરિસ્થિતિની જાગૃતિમાં આગાહી કરવાની અને તેમાં યોગદાન આપવાની ક્ષમતા ધરાવીએ છીએ, અને આખરે, જ્યાં સુધી આપણે આ ક્ષેત્રમાં મજબૂત નથી ત્યા સુધી પરસ્પર આદર નહીં મળે. બેંગ્લોરમાં સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ અને સ્પેસ ટ્રાફિક મેનેજમેન્ટ વિષય પર આયોજિત વર્કશોપ દરમિયાન તેઓ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. આ ક્ષેત્રની કંપનીઓના પ્રતિનિધિઓ અને વિશ્વના વિવિધ ભાગોના નિષ્ણાતોએ વર્કશોપમાં ભાગ લીધો હતો. સોમનાથે જણાવ્યું હતું કે આનો ઉદ્દેશ્ય પરસ્પર આદર હાંસલ કરવાનો છે. જેથી કરીને ભારત અને અન્ય દેશો વચ્ચે પરસ્પર ડેટા અને માહિતી વહેંચી શકાય.(૯)

## પાનકાર્ડ હવે સિંગલ બિઝનેસ ઓળખપત્ર બનશે

માટે એકમાત્ર પાનકાર્ડ જ સિંગલ આઈડેન્ટિફિકેશન ગળા છે અને ઝડપી પ્રક્રિયા સાથે બિઝનેસ કરવા માગતા સાહસિકોને ઘણો બધો ટેકો મળશે. આ બારામાં નાણામંત્રી દ્વારા પાછળના દિવસો દરમિયાન પણ મહત્વની બેઠકો કરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી આ બારામાં ચર્ચા મંત્રણા થઈ રહી હતી અને બિઝનેસ જગત દ્વારા પણ કેન્દ્રીય નાણામંત્રી તેમજ સંબંધિત મંત્રાલયો સમક્ષ આ પ્રકારની સુવિધા આપવાની માગણી કરવામાં આવી હતી કારણ કે, કોઈપણ બિઝનેસની મંજૂરી લેવા માટે ઢગલાબધં દસ્તાવેજોની જરૂર પડે છે ત્યારે ફકત એક જ આઈડેન્ટિફિકેશનની સીસ્ટમ રાખવાની માગણી કરવામાં આવી હતી અને બજેટમાં આ માગણી સંતોષવામાં આવશે તેવી પુરેપુરી શકયતા છે.(૯)

## ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં વ્યાજખોરોના ત્રાસથી ૫૧૨ લોકોના આપઘાત

લોકોને જાગૃત કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે. વ્યાજખોરીથી અસરગ્રસ્ત વિસ્તારો નક્કી કરી આ વિસ્તારોમાં ૬ હજારથી વધુ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજકોટ રેન્જમાં પોલીસ ડોર ટુ ડોર ફરીને લોકોને સમજણ આપી રહી છે. રેન્જ આઈજીએ ખાતરી આપી હતી કે, વ્યાજખોરીને ડામી દેવા માટે પોલીસ કટિબદ્ધ છે તેનો હું લોકોને ભરોસો આપું છું.(૨.૧૨)

## ગુજરાતમાં ઈલેકટ્રીક વાહનના વેંચાણમાં વધારો

ટકા હતો પરંતુ ઈલેકટ્રીક વાહનોનો ૬૦૬ ટકા રહ્યો છે. સમગ્ર દેશનો વૃધ્ધિદર ૨૧૧ વાહનો તેની સરખામણીએ પણ ગુજરાતનું વેચાણ ત્રણ ગણુ વધુ છે. પેટ્રોલનાં વાહનોમાં એક કિલોમીટરનો ખર્ચ રૂા.૫, સીએનજી વાહનોમાં રૂા.૩.૫૦ થી ૪ સામે ઈલેકટ્રીક વાહનોમાં પ્રતિ કિલોમીટર ખર્ચ રૂા.૧ નો ૨ નો છે.ઈલેકટ્રીક વાહનો ફુલ ચાર્જ થતા ૩૦૦ કી.મી. ચાલે છે તે પણ એક જમાપાસુ છે. (૯)

## દેશમાં ધુમ્મસના કારણે માર્ગ અકસ્માતમાં એક વર્ષમાં ૧૩૩૭૨ લોકોના મોત

હતા. આટલુ જ નહિં આ અકસ્માતોમાં ૨૫૩૬૦ લોકો ઘાયલ પણ થયા હતા તેમાં અડધા અડદ ગંભીર ઘાયલ થયા હતા. ધુમ્મસના કારણે ઉત્તર પ્રદેશમાં માર્ગ અકસ્માતમાં સૌથી વધુ ૩૭૮૨ લોકોના જીવ ગયા છે. ત્યારબાદ આ મામલે બીજા ક્રમે બિહારમાં ૧૮૦૦, ત્રીજા ક્રમે મધ્યપ્રદેશમાં ૧૨૩૩ લોકોના જીવ ગયા છે. ઉલ્લેખનીય છે કે ગોવા, આંદામાન-નિકોબાર દ્વિપ સમુહ અને લક્ષદ્વિપમાં ધુમ્મસનાં કારણે એક પણ માર્ગ અકસ્માત નથી નોંધાયા.

## જમીન માપણીની ભૂલ સુધારા માટે હવે પાયલોટ પ્રોજેક્ટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં જમીનની નવી માપણી કર્યા બાદના રી-સર્વે પ્રમોલગેશનના અરજીના ઝડપી નિકાલ માટે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે નવી માપણી કર્યા બાદ રી-સર્વે પ્રમોલગેશનના ના-વાંધા નિકાલ માટે સરકારને અરજીઓ મળી હતી. આ અરજીઓ મુજબ ક્ષતિ સુધારણાની કામગીરી અગ્રતાના ધોરણે કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી સમયમાં તબક્કાવાર અન્ય જિલ્લાઓમાં પણ ખૂબ જ ઝડપથી આ જમીન માપણા ક્ષતિ સુધારણા કાર્યક્રમ હાથ ધરાશે. વર્ષ ૨૦૨૨માં તત્કાલીન મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી અને કૃષિમંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં જમીન રિ-સર્વેની કામીગીરીમાં ક્ષતિઓ બાબતે ખેડૂતોમાંથી ઉઠતી રાવ અંગે મહેસુલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણ કરવામાં આવી હતી, આ બાબતે ખેડૂતોને કઇ કઇ રાહત આપી શકાય તે બાબતે પણ સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે ચર્ચા બાદ જમીન રિ-સર્વે અંગે જે પણ ખેડૂતોને વાંધા અરજી હોય તો અરજી કરવાના સમયગાળો લંબાવવા અંગેની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ડિસેમ્બર ૨૦૨૨ સુધી વાંધા અરજીઓ કરી શકાશે તેવી જાહેરાત થઈ હતી. હવે આ સમય મર્યાદા પુરી થઈ હોવાથી સરકાર તાબડતોબ આ જમીન માપણી ક્ષતિ સુધારણા કામગીરી પૂર્ણ કરવાના પ્રયાસો હાથ ધરશે.

## 'આપ'ને ૧૬૩ કરોડ ભરવા નોટીસ

એલજીના આદેશને પગલે, ડીઆઇપીએ આપના સંયોજક અરવિંદ કેજરીવાલને સરકારી જાહેરાતોની આડમાં પ્રકાશિત પક્ષની રાજકીય જાહેરાતો માટે ૧૬૩.૬૨ કરોડ રૂપિયાની વસૂલાત માટે નોટિસ પાઠવી છે. માહિતી અનુસાર, ૩૧ માર્ચ ૨૦૧૭ સુધી ૯૯.૩૧ કરોડ રૂપિયા રાજકીય જાહેરાતો પાછળ ખર્ચવામાં આવ્યા હતા. આ રકમ પર દંડના વ્યાજ પેટે બાકીની રકમ રૂ. ૬૪.૩૧ કરોડ છે, એટલે કે કુલ રકમ રૂ. ૧૬૩.૬૨ કરોડ છે. ૩૧ માર્ચ, ૨૦૧૭ પછી આવી તમામ રાજકીય જાહેરાતોનું ઓડિટ કરવા માટે દિલ્હી સરકારના ડાયરેક્ટોરેટ ઓફ ઓડિટએ પણ એક વિશેષ ઓડિટ ટીમની નિમણૂંક કરી છે. ૨૦૧૬ માં, દિલ્હી હાઈકોર્ટે સરકારી જાહેરાતમાં સામગ્રી નિયમન પરની સમિતિને આપ સરકાર દ્વારા રાજકીય જાહેરાતો અંગેની ફરિયાદો પર નિર્ણય લેવા નિર્દેશ આપ્યો હતો.(૯)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રંગીલા રાજકોટનું આકાશ રંગબેરંગી પતંગોથી શોભી ઉઠ્યુંઃ દેશવિદેશના પતંગબાજોએ લોકોના દિલ જીત્યા

પ્રતીક છે. જી-૨૦ની 'વસુધૈવ કુટુંબકમ' થીમ પર આધારિત આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પોલેન્ડ, મોરોક્કો, ઈન્ડોનેશિયા, ઇઝરાયેલ, મલેશિયા, ફિલિપાઇન્સ સહિતના ૧૬ દેશો તેમજ ભારતના ૭ રાજ્યોના પતંગવીરોએ ભાગ લઈને ''વસુધૈવ કુટુંબકમ'' સૂત્રને સાર્થક કર્યું હતું.આ પતંગ મહોત્સવમાં આવેલા દેશ વિદેશના પતંગ ઉત્સાહીઓનું કુમકુમ તિલક અને ઢોલના નાદ સાથે સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ થયા બાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલે સ્વાગત ઉદબોધન કર્યું હતું.પતંગવીરો દ્વારા ઉડાડવામાં આવેલા જી-૨૦ ની થીમ પર આધારિત ૨૫૦ પતંગોની લહેર, સેવ અર્થ, બેટી બચાવો બેટી પઢાવો, કોબ્રા, રીંગ કાઈટ, આઈ લવ રાજકોટ સહિતના સંદેશાત્મક પતંગો, મેકિસકોથી આવેલ પતંગબાજની ૨૫ મીટર લાંબી અને ૧૮ મીટર લાંબી ડ્રેગન કાઇટ તો હૈદરાબાદથી આવેલ ૧૯ વર્ષીય આકાશની ૧૫ કિલો વજનની રેઈનબો સ્પિનર સહિત ૨૫૦ પતંગની લેર સહિતની પતંગો શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ તકે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન પરેશભાઈ પીપળીયા, રાજકોટ મહા નગરપાલિકાના ડે.કમિશનર આશિષ કુમાર, રાજકોટના અગ્રણીઓ કમલેશભાઈ મીરાણી, કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, વિનુભાઈ ધવા સહીતના મહાનુભાવો અને પતંગપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.










### પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શોકેસ ૨૦૨૩ને અકલ્પનિય સફળતા

# દેશના ખ્યાતનામ બિલ્ડર, આર્કિટેક્ટ અને ઈન્ટરીયર ડિઝાઈનરોનું મળ્યું બહુમૂલ્ય માર્ગદર્શન





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

રાજકોટ સૌરાષ્ટ્રનું જ નહીં પણ સમગ્ર ગુજરાતનો સૌથી મોટો અને સૌ પ્રથમ એવા ૬ દિવસીય પ્રોપર્ટી એકસ્પો એન્ડ શોકેસ ૨૦૨૩નું ગઈકાલે સમાપન થયું હતું. આયોજકોના દાવા પ્રમાણે

૬ દિવસ દરમ્યાન ૩ લાખ ૬૦ હજાર કરતા વધુ લોકોએ આ એકસ્પોની મુલાકાત લીધી હતી. જેમાં મુલાકાતીઓનો અભૂતપૂર્વ આવકાર મળવાથી આયોજક તેમજ તમામ બિલ્ડરો, આર્કિટેકટ અને ઇન્ટરિયર ડીઝાઇનર સહિત તમામ સ્ટોલ ધારકોએ સંતોષની લાગણી વ્યકત કરી હતી. રાજકોટમાં આયોજીત આ સૌ પ્રથમ પ્રોપર્ટી એન્ડ શોકેસ એકસ્પોથી લોકોને પ્રોપર્ટી ખરીદવાથી લઈને તેની બેન્ક લોન, ઇન્ટરીયર ડિઝાઇનિંગ, અન્ય

## ફ્લેટ, ડુપ્લેક્સ, વિલા, બંગલો, વિક એન્ડ હાઉસ, ઓફિસ, દુકાનો માટે અઢળક ઇન્કવાયરીથી બિલ્ડરો ખુશખુશાલ

એસેસરીઝ સહિતની અજાણી માહિતી જાણવા મળી હતી.

રાજકોટ બિલ્ડર એસોસિએશન અને આઈ.આઈ.આઈ.ડીના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ એકસ્પો નિહાળીને શહેરીજનોને મકાન, ફ્લેટ ખરીદવાનું ઉત્કૃષ્ઠ માર્ગદર્શન મળ્યું હતું. સાથોસાથ ઈન્ટીરીયર ડિઝાઇન અને ઘરમાં રસોડાથી લઈ, વોશરૂમ, હોલ, બેડરૂમ સહિત પાર્કિંગ, લોન્જ અને ગાર્ડન, ટેરેસમાં ઇન્સ્ટોલ થઈ શકે એવી તમામ પ્રોડક્ટ રૂબરૂ નિહાળવાનો લ્હાવો પણ મળ્યો હતો.

રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ ઉદઘાટન સમારોહ દરમિયાન જણાવ્યું હતું કે, ૬ એ.સી ડોમમાં ઘર, મકાન કે ફ્લેટને લગતી તમામ જાણકારી એક જ જગ્યાએ પ્રદર્શિત, ઉપલબ્ધ થતી હોય એવો રાજ્યનો આ એક માત્ર એકસ્પો છે.

પ્રોપર્ટી એકસ્પો એન્ડ શો કેસ ૨૦૨૩ના ઉદઘાટક મેયર ડો. પ્રદીપ ડવએ આવા સુંદર આયોજન બદલ મેયર ડવએ આયોજકોને બિરદાવ્યા હતા.

રાજકોટ બિલ્ડર એસો.ના પ્રેસિડેન્ટ પરેશભાઈ ગજેરાએ પ્રોપર્ટી એકસ્પોને ગ્રાહક અને બિલ્ડર વચ્ચેના સેતુ સમાન ગણાવી કહ્યું હતું કે, મિલ્કત ખરીદવા ઇચ્છુક લોકોને એક જ છત હેઠળ ઘર લેવાથી માંડીને સજાવવા સુધીના વિવિધ વિકલ્પો અહીં લોકોને મળતા મુલાકાતીઓ આયોજનને વ્યાપક આવકાર આપ્યો હતો.

પાંચ રાત્રી સુધી આમંત્રિત મહેમાનો અને એકસ્પોમાં ભાગ લેનાર ઉધોગપતિઓ, બિલ્ડરો, અને તમામ સ્ટોલધારકો તેમજ તેમના પરિજનોએ માટે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા હતા.

આઈ. આઈ. આઈ. ડીના દેશભરના હોદ્દેદારો પ્રોપર્ટી એન્ડ શો કેસ ૨૦૨૩ની મુલાકાત લીધી હતી. એકસ્પોમાં વિવિધ કેટેગરીમાં બિલ્ડરોને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

પરેશભાઈ ગજેરા રાજકોટ બિલ્ડર એસો. પ્રમુખ તથા શૈલીબેન ત્રિવેદી આઈ.આઈ.આઈ.ડી ચેરપર્સનએ રાજયપાલ તથા રાજભવનના અધિકારીઓ, સ્ટાફ, તમામ મંત્રીઓ, તમામ ધારાસભ્યો, કલેકટર અને કલેકટર ઓફીસ સ્ટાફ, મ્યુનિ. કમિશનર, મનપાના અધિકારી-પદાધિકારીઓ, પોલીસ કમિશનર તથા પોલીસ અધિકારી, તમામ પોલીસકર્મીઓ, રૂડાના તમામ અધિકારીઓ, જિલ્લા પંચાયતના અધિકારીઓ, સ્ટોલ ધારકો, મુલાકાતીઓ, આયોજનમાં સાથ સહકાર આપનાર તમામ એજન્સીઓ અને આશરે ૩.૬૦ લાખ મુલાકાતીઓનો એકસ્પોને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા પદ્મકુંવરબા હોસ્પિટલમાં શીરાનું વિતરણ કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ગત તા.૫ ને ગુરૂવારના રોજ વ્હેલી સવારે ૬ વાગ્યે ગુંદાવાડી, રાજકોટ ખાતે આવેલ પદ્મકુંવરબા હોસ્પિટલ ખાતે રાજકોટ-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓને શુધ્ધ અને સાત્વિક શિરાનું વિતરણ કરી એક ઉમદા કાર્ય કરેલ છે. આ કાર્યક્રમમાં સીતારામ આશ્રમ-શાપરના મહંત મસ્તરામબાપુ તેમજ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની આગેવાનીમાં વોર્ડ નં.૧૪ કોર્પોરેટર નિલેશભાઈ જલુ, વોર્ડ પ્રમુખ હરીભાઈ રાતડીયા, વોર્ડ નં.૭ ના મહામંત્રી અનીલભાઈ લીંબડ, વોર્ડ નં.૧૪ ના મહામંત્રી નરેન્દ્રભાઈ કુબાવત તથા વિપુલ માખેલા, રાજકોટ બક્ષીપંચ મોરચાના મહામંત્રી જે.પી. ધામેચા, મુન્નાભાઈ ચાવડા, જયદીપભાઈ દેવડા, હીનાબેન પટેલ, મહેશભાઈ ચૌહાણ, નરેન્દ્રભાઈ મકવાણા, નિર્મળભાઈ લાવડીયા, કિશનભાઈ પરમાર, હિતેશભાઈ નાગલા, ભરતભાઈ સોલંકી, મહેશભાઈ બારડ, પરાગભાઈ સંચાણીયા તેમજ સહિતના લોકો ઉત્સાહ ભેર જોડાયેલા હતા.

# મિત્રની હત્યા કર્યાના કેસમાં ત્રણ આરોપીને દસ વર્ષની સખ્ત કેદની સજા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ફરિયાદી વિજય નરસિંહ સરવૈયાએ પોતાના ત્રણ મિત્રો સાથે ચાલતા ચાલતા જતી વખતે ત્રણેય મિત્રોએ ફરિયાદીની પત્ની વિશે ગંદી વાત કરતા ફરિયાદીએ ગંદી વાતો કરવાનીના પાડતા ઉશ્કેરાઈ ગયેલ ત્રણેય મિત્રોએ ફરિયાદીને પ્રથમ ઢીકાપાટુનો માર મારતા ફરિયાદી વિજય રસ્તા પર પડી ગયેલ તેમ છતાં ઉગ્ર અવસ્થામાં એક મિત્રએ મોટો પથ્થર ઉપાડી ચહેરા ઉપર જોરથી પટકતા ગંભીર ઈજાઓને કારણે ફરિયાદીનું મૃત્યુ થયેલ. અધિક સેશન્સ જજ બી.બી. જાદવે શનિ રમેશ ચારોલાને ખૂનના ગુન્હા સબબ દશ વર્ષની સખ્ત કેદની સજા અને સહઆરોપી સુનીલ વિનોદભાઈ સાડમીયા અને સંદિપ રણજીતભાઈ ચારોલાને તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સજા ફરમાવેલ છે.

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે ત્રણેય આરોપીઓ ફરિયાદી વિજય નરસિંહભાઈ સાથે સાંજના સાતેક વાગ્યે પુનીતનગરમાં ચાલતા ચાલતા જઈ રહેલ હતા ત્યારે આરોપી શનિ રમેશ ચારોલાએ ફરિયાદી વિજયની પત્ની વિશે આડીઅવડી ગંદી વાતો કરેલ હતી. ફરિયાદી વિજયે પોતાની પત્ની વિશે આ પ્રકારની વાતો ન કરવા જણાવતા ફરિયાદીને ત્રણેય આરોપીઓ સાથે ઉગ્ર બોલાચાલી થયેલ જેના અંતે ત્રણેય આરોપીએ ફરિયાદીને પ્રથમ ઢીકાપાટુનો માર મારેલ. આ મારના કારણે ફરિયાદી વિજય રસ્તા ઉપર પડી


એડવોકેટ: સંજયભાઈ વોરા

ગયેલ. ત્યારબાદ પણ આરોપી શનિ રમેશનો ગુસ્સો વધી જતાં તેણે બાજુમાં પડેલ એક મોટો પથ્થર ઉપાડી ફરિયાદીના મોઢા ઉપર જોશથી મારેલ. આ કારણે ફરિયાદી સ્થળપર બેભાન થઈ ગયેલ અને ત્રણેય આરોપી ઘટના સ્થળેથી ભાગી ગયેલ. ફરિયાદીના ઘરે કોઈ પ્રકારે ખબર પહોંચતા ફરિયાદીને તેના સબંધીએ સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ અને બે દિવસની સારવારના અંતે ફરીયાદીની સ્થિતિમાં સુધારો ન થતાં ડોકટરએ ફરિયાદીને અમદાવાદ લઈ જવા સૂચન કરેલ. હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ કર્યા બાદ સૌપ્રથમ ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપેલ અને ત્યારબાદ અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા ફરિયાદીના જડબા અને માથા પરની ઈજાઓ ઘણી ગંભીર જણાયેલ. આ ઈજાઓની સારવારના અંતે પણ ફરીયાદીની સ્થિતિમાં કોઈ સુધારો ન થતાં તેનું અવસાન થયેલ. જે કેસ કોર્ટમાં ચાલી જતા સરકાર તરફે જિલ્લા સરકારી વકીલએ રજૂઆત કરતા જણાવેલ કે ફરિયાદીને થયેલ અનેક ઈજાઓમાંથી કોઈ એક ઈજા સ્વતંત્ર રીતે મૃત્યુ નિપજાવવા માટે પુરતી નથી પરંતુ જયારે તમામ ઈજાઓ એક જ સમયે થયેલ હોય ત્યારે દરેક ઈજા વ્યકિતની શારીરિક સશકતતાને ક્ષીણ કરે છે. સરકાર તરફેની રજૂઆતોના અંતે અધિક સેશન્સ જજ બી.બી. જાદવે આરોપી રમેશ ચારોલાને ખૂનના ગુન્હા સબબ તેમજ સહઆરોપીઓ સુનીલ વિનોદભાઈ સાડમીયાને અને સંદિપ રણજીત ચારોલાને ગંભીર ઈજાઓ પહોંચાડયા બદલ ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફરમાવેલ છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ હતા.

# દિલ્હી ખાતે આજથી શરૂ થતાં ઓટો એક્સપોમાં રાજકોટના ઉદ્યોગકારો જોડાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

દિલ્હી ખાતે આજથી શરૂ થતાં ઓટો એકસ્પોમાં રાજકોટના ઉદ્યોગકારો જોડાયા હતા. વિદેશમાં બનતા પાર્ટસ સ્થાનિક કક્ષાએ બનાવી રાજકોટના ઉદ્યોગકારોએ કૌવત બતાવ્યું છે. સી.આઈ.આઈ.આયોજીત ઓટો એકસ્પોનો આજથી દિલ્હી ખાતે પ્રારંભ થયો છે. જેમાં રાજકોટના ૬૦ ઉદ્યોગકારે ભાગ લીધો છે. જેમાં એવા

## ઓટો એક્સપોમાં દેશ-વિદેશના અનેક ઉદ્યોગકારો ભાગ લેશે

પાર્ટસ રજૂ કર્યા છે કે જે પાર્ટસ પહેલા જાપાન-જર્મનીમાં બનતા હતા હવે તે પાર્ટસ રાજકોટના ઉદ્યોગકારોએ બનાવ્યા છે. જે પાર્ટસ બન્યા છે તેનો વપરાશ સાઇકલથી લઇને લક્ઝુરિયસ કારમાં થાય છે. તેમ રાજકોટ એન્જિનિયરિંગ એસો.ના સેક્રેટરી નરેન્દ્રભાઈ પાંચાણીએ જણાવ્યું છે.

વધુમાં તેના જણાવ્યાનુસાર ઓટો એકસ્પોમાં જે પેવેલિયન છે તેમાંથી સૌથી મોટું પેવેલિયન રાજકોટ એન્જિનિયરિંગ એસો.નું જોવા મળે છે.રાજકોટ એન્જિનિયરિંગ એસો. મારફ્તે ૩૧ ઉદ્યોગકારે પેવેલિયન બુક કરાવ્યું છે. જ્યારે બાકીના અન્ય ૩૦ પ્લોટનું બુકિંગ વ્યક્તિગત રીતે કરવામાં આવ્યું છે.

આર.ઈ.એ.ના પેવેલિયનમાં બેરિંગ મેન્યુફેક્ચરિંગ, અન્ય જનરલ ઓટો મેન્યુફેક્ચરિંગ કેટેગરીનો સમાવેશ થાય છે. આ ઓટો એકસ્પોમાં રાજકોટના ઉદ્યોગકારોને કરોડો રૂપિયાના ઓર્ડર મળવાની સંભાવના વર્તાઈ રહી છે. જેને કારણે ઉદ્યોગમાં નવું મૂડી રોકાણ આવશે અને રોજગારીમાં પણ વધારો થશે. તેમ એસો.ના સેક્રેટરી જણાવે છે.

૧૫ જાન્યુઆરીના રોજ ઓટો એકસ્પો પૂર્ણ થશે. આ ઓટો એકસ્પોમાં દેશ વિદેશના અનેક ઉદ્યોગકારો ભાગ લેશે અને રાજકોટના ઉદ્યોગ જગતને તેનો ફાયદો મળશે.

વિદેશથી મુડી રોકાણ પણ આવશે. હાલ ઓટો મોબાઇલ સેક્ટરમાં દેશ વિદેશની ૭૦ ટકા જરૂરીયાત રાજકોટનો ઓટો મોબાઇલ ઉદ્યોગ પૂરી પાડે છે તેમ રાજકોટના ઉદ્યોગકારોએ જણાવ્યું હતું.

**વાચકોએ નોંધ લેવી**
કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

# ચેક રીટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ફરિયાદી દિલીપભાઇ રામભાઇ ચાવડા તથા આરોપી સાગરભાઇ બીપીનભાઈ ઘોડાસરા વચ્ચે મીત્રતાના સંબંધો રહેલા હોય જેથી આરોપીને તેમની અંગત જરૂરીયાત માટે નાણાંની જરૂરીયાત થતા ફરિયાદી પાસેથી ૫ લાખ આરોપીએ હાથ ઉછીના લીધેલા. ત્યારબાદ અમુક સમય જતા ફરિયાદીએ રકમની માંગણી આરોપી પાસે કરેલ અને રકમ પરત ચુકવી આપવા આરોપીએ ચેક આપેલ, જે ચેક રીટર્ન થતા ફરિયાદીએ તેમના વકીલ મારફત લીગલ નોટીસ મોકલેલ, જે નોટીસની જાણ આરોપીને થતા તેઓએ રકમ ચુકવી આપવાની કોઇ દરકાર લીધેલ ન હોય જેથી જે ચેક રીટર્ન થતા, કોર્ટ સમક્ષ ચેક રીટર્નની ફરિયાદ દાખલ કરેલ હોય. ત્યારબાદ કેસ ચાલવા પર આવેલ અને આખર દલીલમાં જયારે ફરિયાદીના વકીલ દ્વારા આરોપીને ચેક રીટર્ન કેસમાં રાહત મળી શકે નહીં. સમાજમાં ચેક રીટર્ન થવાના કેસો વધી રહેલ હોય.

આમ, ફરિયાદીના એડવોકેટની દલીલો માન્ય રાખી આરોપી સાગરભાઇ


એડવોકેટ: અલ્પેશ પોકીયા

બીપીનભાઇ ઘોડાસરાને અદાલતે તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદીને વળતરની રકમ દીન-૩૦ માં ચુકવવાનો હુકમ કરેલ અને જો આરોપી વળતર ન ચુકવે તો વધુ છ માસની સાદી જેલ સજા કરવાનો હુકમ કોર્ટએ ફરમાવેલ હતો.

આ કેસમાં ફરિયાદી દિલીપભાઇ રામભાઇ ચાવડા તરકે પી એન્ડ આર લો ચેમ્બરના ધારાશાસ્ત્રી અલ્પેશ વી.પોકીયા, કેતન સાવલીયા, અમીત ગડારા, વંદના એચ.રાજયગુરૂ, ભાર્ગવ પંડયા, પરેશ મૃગ, રીતેષ ટોપીયા, વગેરે રોકાયા હતા.

# દુષ્કર્મના ગુન્હામાં આરોપી જામીન મુકત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ભોગ બનનાર ફરિયાદીને આરોપી તથા તેની સાથેના અન્ય બે આરોપીઓએ ભોગ બનનારના ઘરમાં સવારના અગાસી મારફતે પ્રવેશ કરી ફરિયાદીને બાથરૂમમાંથી વાળ ખેંચી બહાર કાઢી ઘરના બેડરૂમમાં લઈ જઈ ફરિયાદીને માર મારી ફરિયાદી સાથે તેના પૂર્વ પતિ ડાયાભાઈ સોલંકીએ બળજબરીપૂર્વક રૂડાભાઈ તથા અન્ય આરોપીની હાજરીમાં ફરિયાદી સાથે શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરેલ અને બધા આરોપીએ ભેગા મળી ફરિયાદીને લાકડી વડે માર મારેલ ત્યારબાદ તે જ દિવસે ફરિયાદીને રાત્રીના મુખ્ય આરોપી કે જે ફરિયાદીના પૂર્વ પતિ હોય તેણે તથા અન્ય આરોપી રૂડાભાઈ તથા ભરતભાઈએ ભેગા મળી ફરિયાદીને રાજકોટમાં આવેલ હોટલમાં લઈ ગયેલ અને ત્યાં પણ અન્ય આરોપી


એડવોકેટ: અશ્વિનભાઈ ગોસાઈ


એડવોકેટ: ચિત્રાંક વ્યાસ

ફરિયાદીના પૂર્વ પતિ ડાયાભાઈએ ફરિયાદી સાથે બળ જબરીપૂર્વક શરીર સબંધ બાંધેલ તે અંગેની ફરિયાદ ફરિયાદી દ્વારા કરવામાં આવેલ.જે ફરિયાદના આધારે આરોપી રૂડાભાઈને પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ આરોપીના અટક થયા બાદ આરોપીએ તેના વકીલ મારફત જામીન પર છુટવા અરજી કરતા કોર્ટે આરોપી રૂડાભાઈ જામીન પર મુકત કરેલ. આ કેસમાં આરોપી વતી એડવોકેટ પિયુષભાઈ શાહ, યુવા ધારાશાસ્ત્રી અશ્વિનભાઈ ગોસાઈ, ચિત્રાંક એસ. વ્યાસ, નેહા વ્યાસ, નિતેષ કથીરીયા, નિવીધ પારેખ, રવિ મુલીયા, કશ્યપ ઠાકર, બીનાબેન પટેલ, ભાવીનભાઈ રૂઘાણી, ઉર્વીશાબેન યાદવ, હર્ષિલ શાહ, સાગર વાટલીયા, સચીન ગોસ્વામી, રાજુભાઈ ગોસ્વામી વગેરે રોકાયેલા હતા.

# રાજકોટ ઝોનના ૧૩ બ્લેક સ્પોટ પર ગંભીર અકસ્માતનું પ્રમાણ ઘટાડવા સાઈનેજ અને રોડ એન્જીનીયરીંગ અસરકારક બનાવાશે

## ગંભીર અકસ્માત સમયે ગોલ્ડન અવર્સમાં મદદરૂપ બનનાર વ્યક્તિને 'ગુડ સેમેરિટન એવોર્ડ' સાથે રૂ. ૫,૦૦૦ નો અપાશે પુરસ્કાર

## પોલિસ કમિશનર રાજુ ભાર્ગવના અધ્યક્ષ સ્થાને રાજકોટ રોડ સેફટી કાઉન્સિલની યોજાઈ બેઠક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

રાજકોટ શહેરમાં ટ્રાફિક નિયંત્રણ તેમજ અકસ્માત સંભવિત ક્ષેત્રો પર વિવિધ વિભાગોના સંકલન થકી કરવામાં આવતી કામગીરીની સમીક્ષાર્થે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની અધ્યક્ષતામાં રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી.



પોલીસ કમિશનર દ્વારા ખાસ કરીને રાજકોટ શહેરમાં પ્રવેશ પરના હાઇ-વે ગોંડલ રોડ ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી, માર્કેટિંગ યાર્ડ, ત્રંબા, સરધાર, બેડી નાકા, માંડા ડુંગર સહિતના બ્લેક સ્પોટ એટલે કે ગંભીર અકસ્માતોના સંભવિત ઝોન પર સામાન્ય વ્યક્તિ પણ આ પોઈન્ટ પર સજાગ થઈ અકસ્માતથી બચી શકે તે પ્રકારે અસરકારક રીતે સાઈનબોર્ડ મુકવા તેમજ રોડ એન્જીનીયરીંગની વિભાવનાનો અસરકારક રીતે અમલ કરવા પર ભાર મુક્યો હતો.

પોલીસ વિભાગની ભવિષ્યની વિશિષ્ટ કામગીરીના આયોજન અંગે માહિતી આપતા ભાર્ગવે જણાવ્યું હતું કે, નજીકના સમયમાં રાજકોટ, અમદાવાદ, બરોડા તેમજ સુરતમાં 'વન નેશન વન ચલન' કાર્યરત બનશે.સાથે જ લોકોને ટ્રાફિક, ડાયવર્ઝન, ફીડબેક, એલર્ટ મેસેજ પુરી પાડતી સ્વદેશી મેપલ્સ એપ પર માહિતીનો પ્રારંભ કરવામાં આવશે.

બેઠકમાં ઉપસ્થિત રોડ સેફ્ટી કમિટીના એક્ઝિક્યુટિવ ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર જે.વી.શાહે સરકાર દ્વારા પ્રારંભ થનાર 'ગુડ સેમેરિટન એવોર્ડ' અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગંભીર અકસ્માતમાં ઘાયલ વ્યકિતને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં મદદરૂપ બનનાર વ્યક્તિને રૂ. ૫૦૦૦ પુરસ્કાર આપવામાં આવશે.

આ તકે બ્લેક સ્પોટ વિસ્તારમાં રાજકોટ મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ તેમજ નેશનલ હાઇ-વે ઓથોરિટી દ્વારા નિર્મિત પુલ તેમજ રોડની કામગીરીના સ્થળે રોડ સેફ્ટી સંબંધિત સાઈન બોર્ડ તેમજ ડાયવર્ઝનની સૂચના સંબંધી કરવામાં આવેલી કામગીરીની માહિતી અધિકારીઓએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પુરી પાડી હતી.

બેઠકમાં મહાનગરપાલિકા દ્વારા શહેરના ટ્રાફિક સિગ્નલ ઓટોમાઇઝેશન કામગીરી, મહાનગરપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટમાં પાર્કિંગ વ્યવસ્થા માટે સર્વે સહિતની કામગીરી, દબાણ હટાવની કામગીરી અંગે વિભાગ દ્વારા માહિતી અપાઈ હતી.

આ તકે જોઈન્ટ એન્ફોર્સમેન્ટ ટીમ દ્વારા બ્રિજ નિર્માણની આસપાસ ટ્રાફિકને અડચણરૂપ વાહનો તેમજ રેકડી ધારકોને દૂર કરવા માટે ખાસ ડ્રાઈવ યોજવામાં આવી રહ્યાનું ટ્રાફિક ડી.સી.પી.પૂજા યાદવે જણાવ્યું હતું. રોડ સેફ્ટી મિટિંગમાં એડિશનલ પોલીસ કમિશનર સૌરભ તોલંબીયા,નાયબ મ્યુનિસિપલ કમિશનર સી.કે.નંદાણી, એસીપી ટ્રાફિક પોલીસ ગઢવી, આર.ટી.ઓ. અધિકારી કે. એમ.ખાપેડ સહિત મહાનગરપાલિકા, હાઈ-વે ઓથોરિટી, જી.ઇ.બી, એલ એન્ડ ટી, એન.એચ.આઈ.એ. આર.એન્ડ.બી. સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે રવિવારે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨



સરગમ કલબ સંચાલિત સિનિયર સિટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટમાં તા.૧૫ ને શનિવારના રોજ ૫:૩૦ કલાકે સૂર સમક મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.

જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સંજયભાઈ પંડ્યા ઉઠાવી રહ્યા છે.

### શિવસેના ગુજરાતમાં સંગઠન અંતર્ગત

# ગીર સોમનાથ જીલ્લામાં હોદ્દેદારોની વરણી

કોડીનાર ખાતે મળેલી આ મિટિંગમાં શિવસેના ગીર સોમનાથ ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ રાજુભાઈ બાંભણિયા, કોડીનાર તાલુકા પ્રમુખ કનુભાઈ મધા, કોડીનાર શહેર મંત્રી સંજયભાઈ વાળા. ગીર સોમનાથ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ વનિતાબેન વાળા, ગીર સોમનાથ જિલ્લા મહિલા મોરચાના ઉપપ્રમુખ દિવ્યાબેન સોલંકી, તાલાળા શહેર પ્રમુખ સૌરવભાઈ અરવિંદભાઈ કેશવાલ, સુત્રાપાડા તાલુકા પ્રમુખ બાબુભાઈ મીઠાભાઈ બામણીયાની નિયુકિત કરાઈ હતી. આ



પ્રસંગે પ્રદેશ પ્રભારી જીમ્મીભાઈ અડવાણી,સૌરાષ્ટ્ર સંયોજક જયપાલસિંહ જાડેજા, જિલ્લા પ્રમુખ ચંદુભાઈ પાટડીયા, જિલ્લા ઉપપ્રમુખ સંજયભાઈ ટાંક, નિલેશભાઈ ચૌહાણ, મંત્રી બિપિન મકવાણા હાજર રહ્યા હતા.

# ઘેલા સોમનાથ ધામનો કરાશે સર્વાંગી વિકાસ

## અનળગઢના મહાકાળી મંદિર તથા થાણાગાલોલના બૌદ્ધ વિહારને યાત્રાધામ તરીકે વિકસાવવા બહાલી : રાજકોટ જિલ્લા પ્રવાસન સમિતિની બેઠકમાં લેવાયાં નિર્ણયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

રાજકોટ જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.



જેમાં જસદણમાં આવેલા ઐતિહાસિક ઘેલા સોમનાથ મંદિરનો સર્વાંગી વિકાસ કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો.આ ઉપરાંત ગોંડલ તાલુકાના અનળગઢના કિલ્લામાં આવેલા મહાકાળી મંદિર તેમજ થાણાગાલોલના પૌરાણિક બૌદ્ધ વિહારને યાત્રાધામ તરીકે વિકાસવાની દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આયોજિત બેઠકમાં જસદણના પ્રાંત અધિકારી રાજેશ આલ દ્વારા ઘેલા સોમનાથ મંદિરની સામે ટેકરી પર આવેલા મીનળદેવી મંદિર તેમજ તેને સંલગ્ન સુવિધાઓના વિકાસ અંગેનું નવું સૂચિત આયોજન રજૂ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત તેમણે નવા કાર્યોમાં ઘેલા સોમનાથ મંદિરમાં તેમજ પરિસરમાં જરૂરી રિપેરિંગ, નવું પેવિંગ, પ્રદક્ષિણા પથ તૈયાર કરવા, ધજા ચઢાવી શકાય તેવી વ્યવસ્થા, લાઇટ એન્ડ સાઉન્ડ શો, યજ્ઞશાળાનો વિકાસ, મંદિર પાસેના ત્રિવેણી ઘાટ તેમજ ગૌશાળાનો વિકાસ, ઘેલો નદી ખાતે પિતૃઓની તર્પણ સહિતની વિધિ થઈ શકે તે માટે સ્નાનઘાટ તૈયાર કરવા, વેબસાઈટને અદ્યતન બનાવવા સહિતના વિકાસકામો કરવાનો અભિપ્રાય રજૂ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરએ મંદિર, પરિસર તેમજ આસપાસના વિસ્તારનો સર્વાંગી દ્રષ્ટિકોણથી વિકાસ કરવા પર ભાર મૂક્યો હતો અને તે અંગે પ્રેઝેન્ટેશન તૈયાર કરવા સૂચના આપી હતી.ખાસ કરીને ભક્તો આ શ્રદ્ધાસ્થાન અને ઐતિહાસિક મંદિરના દર્શને આવે ત્યારે ભક્તિમય પવિત્ર માહોલમાં પૂજન અર્ચન કરી શકે તેવી વ્યવસ્થા કરવા કહ્યું હતું.

દર્શનાર્થીઓને અહીં પૂરતી સુવિધા મળી રહે,તેઓ મંદિરના ઐતિહાસિક વારસાને જાણીને તેના પર ગર્વ લઈ શકે તે માટે ઈતિહાસ દર્શન ગેલેરી બનાવવા,પૂરતી પાર્કિંગ વ્યવસ્થા કરવા,પબ્લિક ટોઈલેટ્સની સંખ્યા વધારવા સૂચન કર્યું હતું.

ઉપરાંત સણોસરાના દરબાર ગઢ તેમજ કોટડા સાંગાણીના સ્વામિનારાયણ મંદિરના કાર્ય અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી.

સમિતિમાં ગોંડલ તાલુકામાં અનળગઢના કિલ્લામાં આવેલા મહાકાળી મંદિર તેમજ જેતપુર તાલુકામાં થાણાગાલોલમાં આવેલા પૌરાણિક બૌદ્ધ વિહારને યાત્રાધામ તરીકે વિકસાવવાની દરખાસ્ત રજૂ કરાઈ હતી.જેને બહાલી આપવામાં આવી હતી. ગોંડલમાં આવેલી શેમળી નદી ખાતે રિવરફ્રન્ટ બનાવવાનું પ્રેઝેન્ટેશન પણ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેના પર વિચારણા કરવામાં આવી હતી.

ઉપરાંત જિલ્લામાં પ્રવાસન સંબંધિત અન્ય કાર્યો, દરખાસ્તો, પ્રકલ્પો અંગે પણ ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરએ રાજકોટ શહેરમાં લાખાજીરાજ માર્કેટ, જ્યુબિલી માર્કેટને વિકસાવવા અંગે રાજકોટ મહાનગર પાલિકાને સૂચન કર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નિવાસી અધિક કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા આયોજન અધિકારી, માર્ગ અને મકાન વિભાગ, ભારતીય પુરાતત્વ વિભાગ, પ્રવાસન વિભાગ, રાજકોટ મહાનગર પાલિકા સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ, જસદણ પ્રાંત અધિકારી રાજેશ આલ, રાજકોટના પ્રાંત અધિકારી કે.જી.ચૌધરી જોડાયા હતા જ્યારે ગોંડલ તથા ધોરાજીના પ્રાંત અધિકારી ઓનલાઈન જોડાયા હતા.

# રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના ૨૯ હજારથી વધુ લોકોને મળી રહી છે નિરામય કાર્ડની સવલત

## સરકારી આરોગ્ય કેન્દ્રોમાં દર શુક્રવારે 'નિરામય દિવસ'ની ઉજવણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

બદલાતી જતી જીવનશૈલી, ખાન-પાનની આદતોને લીધે રાજયના નાગરિકો સ્ટ્રેસ અને હાઇપર ટેન્શનથી માંડીને હૃદયરોગ, ડાયાબિટીસ, કિડનીની બિમારી જેવા ગંભીર રોગોનો ભોગ બનતા હોય છે. પરંતુ તેનો ખ્યાલ લાંબા સમય સુધી આવતો નથી તેથી ઘણીવાર આવા રોગ જીવલેણ બની જાય છે.

રાજ્યમાં ચેપી રોગ કરતાં બીન ચેપી રોગ,જેવા કે, બ્લડ પ્રેશર, લોહીનું ઉંચુ દબાણ, હાર્ટ એટેક, લકવો, કેન્સર, કિડની, પાંડુરોગ, ડાયાબિટિસ જેવા રોગોથી થતા મૃત્યુના વધુ પડતા પ્રમાણને અટકાવવા 'પહેલું સુખ તે જાતે નર્યા' ના ધ્યેય સાથે રાજ્ય સરકારે આવા રોગ થાય જ નહીં,અને જો થાય તો તેમને ઉગતા જ ડામી દેવાના આશયથી પ્રાથમિક તબક્કે જ દર્દીઓના શારીરિક તપાસ-નિદાનથી લઇને રોગ સંપૂર્ણ મટી જાય ત્યાં સુધીની સઘન સારવાર વિનામૂલ્યે આપવા રાજય સરકારે 'નિરામય ગુજરાત' અભિયાન આદર્યું છે.

આ અભિયાન અંતર્ગત નિરામય કાર્ડનો લાભ મેળવી રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૨૯,૩૮૧ લોકો વિનામૂલ્યે સારવાર મેળવી રહ્યા છે.જેમાં ૧૩,૪૫૮ દર્દીઓ હાયપર ટેન્શન, ૮,૬૭૦ દર્દીઓ ડાયાબિટીસ, ૭,૧૪૫ દર્દીઓ ડાયાબિટીસ અને હાઇપર ટેન્શન બંને, ૬૫ દર્દીઓ મોઢાના કેન્સર, ૧૬ દર્દીઓ બ્રેસ્ટ કેન્સર, ૧૨ દર્દીઓ સર્વાઇકલ કેન્સર અને ૧૫ દર્દીઓ અન્ય કેન્સરને લગત સારવાર મેળવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જન આરોગ્યની સુરક્ષા-પ્રિવેન્ટિવ કેરના હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.જે અંતર્ગત રાજયના PHC, CHC, અને સરકારી હોસ્પિટલો ખાતે આરોગ્યની તપાસથી કરી,રોગનું નિદાન થતાં નિદાનથી લઈને રોગ મટી જાય ત્યાં સુધીની વિનામૂલ્યે સારવાર રાજય સરકાર દ્વારા આપવામાં આવી રહી છે. આ પ્રકારના લોકોના આરોગ્ય સુખાકારી માટે બીન ચેપી રોગો માટે સ્ક્રીનિંગથી સારવાર સુધીની સુવિધાથી સામાન્ય પરિવારનો અંદાજે ૧૨ થી ૧૫ હજારનો ખર્ચ બચશે.

આ અભિયાનમાં ઉકત રોગો સહિતના અન્ય બિનચેપી રોગમાં ફોલોઅપ, ટ્રીટમેન્ટ અને પૂર્ણતઃ સાજા થવા સુધીની દવા-સારવાર દ્વારા વ્યકિતને સ્વસ્થતા પ્રાપ્ત કરાવવા સરકાર સતત પડખે ઊભી રહી છે. જેના પગલે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજયના સી.એચ.સી., પી.એચ.સી. અને આરોગ્ય કેન્દ્રોમાં દર શુક્રવારે નિરામય દિવસ ઉજવીને આરોગ્ય કર્મીઓ બિનચેપી રોગોનું ફોલોઅપ અને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

આ અભિયાન અંતર્ગત આરોગ્ય સેવા કર્મીઓ લોકોના ઘરે ઘરે જઇને ૩૦ વર્ષ કે તેથી વધુની વયના લોકોનો સર્વે કરી બિમારીની વિગતો એકત્ર કરી અને નિઃશુલ્ક સારવાર સુધીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યુનિ.નો અણઘડ વહીવટ : B.Sc. નર્સિંગ સેમ.૧ ની પરીક્ષાનું પરિણામ ચાર માસે પણ નહીં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ચાર માસ પહેલા લેવાયેલ B.Sc. નર્સિંગ સેમ.૧ ની પરીક્ષાનું પરિણામ ચાર માસ જેટલો સમય વીતવા છતાં પણ નહીં આવતાં ૨૩ કોલેજના હજારો વિદ્યાર્થીઓ આ પરિણામની રાહ જોઈ રહ્યા છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અણઘડ વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે.

બી.એસસી. નર્સિંગ સેમ.૧ ના વિદ્યાર્થીઓની પરીક્ષાના ૪ માસ બાદ પણ પરિણામ જાહેર થયું નથી જેને કારણે છાત્રો મૂંઝવણમાં મૂકાયા છે. નર્સિંગ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ થી બી.એસસી. નર્સિંગનો કોર્સ વાર્ષિકને બદલે સેમેસ્ટર સિસ્ટમમાં ફેરવાયો હતો જેના અમલીકરણ બાદ પ્રથમ વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ઓગસ્ટમાં પહેલી અને ત્રીજી તારીખે બે પેપર લેવાયા હતા. જેમાં ૨૩ કોલેજના ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે બાદ સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર અને ડિસેમ્બર એમ ચાર માસ તો વીતી જ ગયા છે. અને નવા વર્ષનો જાન્યુઆરી માસ પણ અડધો વીતી જવા પામ્યો છે. જાન્યુઆરી માસના પણ ૧૨ દિવસ પૂર્ણ થઇ ગયા છે પરંતુ પરિણામ જાહેર ન થતા સેમેસ્ટર-૧ ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને એ ખબર નથી કે તે પાસ છે કે નાપાસ ? અને હવે ફેબ્રુઆરી માસમાં બીજા સેમેસ્ટરની પરીક્ષા પણ આવી જશે પણ હજુ પહેલા સેમેસ્ટરના પરિણામના કોઈ વાવડ નથી.

જો કે, વાર્ષિકને બદલે સેમેસ્ટર સિસ્ટમની માર્કશીટ બનાવવાની હોવાથી પરિણામ મોડું છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. નર્સિંગના કોર્સમાં વાર્ષિકને બદલે સેમેસ્ટર સિસ્ટમ દાખલ થઇ છે. જેની માર્કશીટ કઈ રીતે બનાવવી તે હવે નક્કી થશે. જો કે વહેલું પરિણામ જાહેર થાય તેવા પ્રયાસો કરાશે તેમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું.

**૨૩ કોલેજના હજજારો વિદ્યાર્થીઓ જોઈ રહ્યા છે પરિણામની રાહ**

# બે ચેક રીટર્ન કેસમાં આરોપીને એક-એક વર્ષની કેદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

જે.પી. એન્ટરપ્રાઈઝના ભાગીદાર જયકુમાર નાથાલાલ દામાણી, લાતી પ્લોટ, રાજકોટવાળા જે સિમેન્ટ તથા લોખંડનો ધંધો કરે છે.

તેઓએ ભાગ્યોદય સ્ટીલ એન્ડ સિમેન્ટના માલીક સંજય પાઘડારને લોખંડ તથા સિમેન્ટ ઉધાર વેચાણ આપેલ. જેના બીલની કુલ રકમ રૂા.૧,૪૧,૦૩૫ તથા રૂા.૨૦,૧૨૨ ની કાયદેસરની લેણી રકમ જે.પી. એન્ટરપ્રાઈઝની લેણી નીકળતી હતી તે પેટે આરોપી સંજય પાઘડારએ બે અલગ-અલગ ચેક લખી આપેલ. ઉપરોકત બન્ને ચેક રીટર્ન થતાં ફરિયાદીએ તેમના વકીલ મારફત નોટીસ આપેલ. ત્યારબાદ કોઈ રકમ ચુકવેલ નહીં જેથી જે.પી. એન્ટરપ્રાઈઝએ ચેક રીટર્ન અંગેની કોર્ટમાં ફરિયાદો દાખલ કરેલ.

ફરિયાદીનો પુરાવો, રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા ફરિયાદની હકીકત વગેરે ધ્યાને લઈ ભાગ્યોદય સ્ટીલ એન્ડ સિમેન્ટના માલીક સંજય પાઘડારને બન્ને કેસોમાં અલગ-અલગ એક વર્ષની સાદી કેદની સજા તથા બન્ને ચેક મુજબની રકમ બે માસમાં વળતર તરીકે ચુકવી આપવાનો અદાલતે હુકમ કરેલ અન્યથા વધુ બન્ને કેસમાં છ-છ માસની સજાનો હુકમ કરેલ. સજાના હુકમ વખતે આરોપી હાજર નહીં રહેતા અદાલતે સંજય પાઘડાર સામે ધરપકડ કરવાનું વોરંટ કાઢવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ પ્રાણલાલ મહેતા, રાજેશ કે. મહેતા, ધવલ પી. મહેતા, ગૌરવ પી. મહેતા, સુરેન્દ્રસિંહ જાડેજા રોકાયેલ હતા.

# આયુર્વેદ એસોસિએશન (સૌરાષ્ટ્ર-કચ્છ) દ્વારા વાર્ષિક બેઠક યોજાઈ

## ડો.જયેશ પરમારનું સન્માન કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

આયુર્વેદ એસોસિએશન (સૌરાષ્ટ્ર-કચ્છ) ના પ્રમુખ યાદી મુજબ આયુર્વેદ એસોસિએશન (સૌરાષ્ટ્ર-કચ્છ) દ્વારા રાજકોટની ભાગોળે રોણકી ગામ ખાતે આવેલ રીસોર્ટમાં એસોસિએશનની એન્યુઅલ જનરલ મિટિંગ યોજાઈ. આ તકે સૌરાષ્ટ્રના વૈદ્યરાજ અને આયુષના રીજીયોનલ ડેપ્યુટી ડાયરેકટર, ડો.જયેશભાઈ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડો.જયેશભાઈ પરમારનું સન્માન કરાયું હતું. એસોસિએશન દ્વારા આયુર્વેદ સાયન્સના વિકાસ માટે કરેલા કાર્યોની વિકાસગાથા વર્ણવવામાં આવેલ.

આ વાર્ષિક બેઠકમાં સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના આયુર્વેદિક દવાના વિક્રેતાઓ, આયુર્વેદિક સાયન્સના નિષ્ણાંતો, દવા કંપનીઓના ઉચ્ચ હોદ્દેદારો અને આમંત્રિતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અનેક નવી દવા કંપનીઓએ આ પ્રસંગે પોતાની નવી દવાઓનું લોન્ચિંગ કર્યું હતું. એસોસિએશનની એન્યુઅલ જનરલ મિટિંગમાં ડો.જયેશભાઈ પરમાર મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહી વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. તેમ એસોસિએશનની યાદીમાં જણાવાયું છે.

# મહાગુજરાત મેડિકલ એસોસિએશન સુરતના પ્રમુખ પદે ડો. કૌશિક ડોબરીયાની વરણી

**(મિલાપ રૂપારેલીયા દ્વારા)**

અમરેલી, તા.૧૨

મહાગુજરાત મેડિકલ પ્રેક્ટિક્સ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે કાર્યકારી સમિતિના પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખપદે અમરેલી જિલ્લાના નાના લીલીયાના વતની અને હાલ સુરત સ્થાયી થયેલાં ડોક્ટર કૌશિક કાંતિભાઈ ડોબરીયાની વરણી થતાં નાના લીલીયા ગામમાં હર્ષની લાગણી ફેલાય છે.




તેમની ટીમના મંત્રી તરીકે ડો. જીતેન્દ્ર પાંચાણી અને સલાહકાર કમિટીમાં ડો. કિશોર લાખાણી, ડો. ગોરધન કોશીયા, ડો. ચેતન પટેલ, અરવિંદ વિરડીયા, અને ડો. જયેન્દ્ર પાંચાણી તથા સમગ્ર ટીમ કારોબાર સંભાળ્યો હતો.આ પદગ્રહણ સમારોહમાં પૂર્વ આરોગ્ય મંત્રી કુમાર કાનાણી, વીર નર્મદા સાઉથ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ કિશોરસિંહ ચાવડા, કનુભાઈ માવાણી, દાસભાઈ (લીલીયા વાળા), બાલુભાઈ સોજીત્રા, તેમજ સુરતના નામાંકિત તબીબો હાજર રહ્યા હતા.

'ખેલશે ગુજરાત– જીતશે ગુજરાત'

# 'રાષ્ટ્રીય યુવા દિવસે' રાજ્યકક્ષાની તૃતિય 'ઓસમ આરોહણ-અવરોહણ' સ્પર્ધામાં જોમ-જુસ્સા સાથે કૌવત બતાવતા ૪૧૪ યુવા સ્પર્ધકો







## વિજેતાઓને રૂ. ૨,૩૪,૦૦૦ના રોકડ પુરસ્કાર એનાયતઃ નવો રેકોર્ડ સર્જીને ભાઈઓમાં મેર ચેતન અને બહેનોમાં ચૌહાણ યશના પ્રથમ ક્રમે વિજેતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

શિયાળાની ગુલાબી ઠંડીમાં અને પ્રકૃતિના સાંનિધ્યનો અનુભવ કરતાં અનેરા જોમ જુસ્સા સાથે 'તૃતિય ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધા'નો ધોરાજી તાલુકાના નાયબ કલેકટર જયેશ લીખિયા દ્વારા ઓસમ તળેટી ખાતેથી ફ્લેગ ઓફ આપીને શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦.૦૮ મિનિટનો જૂનો રેકોર્ડ તોડીને ૯.૩૪ મિનિટના રેકોર્ડ સાથે ભાઈઓમાં પ્રથમ ક્રમાંકે મેર ચેતન, દ્વિતીય ક્રમાંકે ૧૦.૪૯ મિનિટ સાથે ડાભી રણછોડ અને તૃતિય ક્રમાંકે ૧૦.૫૧ મિનિટ સાથે કાલરીયા ક્રિશ તેમજ બહેનોમાં ૧૪.૦૪ મિનિટનો જૂનો રેકોર્ડ તોડીને ૧૩.૩૫ મિનિટના નવા રેકોર્ડ સાથે પ્રથમ ક્રમાંકે ચૌહાણ યશના, દ્વિતીય ક્રમાંકે ૧૩.૪૧ મિનિટ સાથે બાવળીયા ત્રિશા અને તૃતિય ક્રમાંકે ૧૩.૪૫ મિનિટ સાથે પામકા કૃપા ઓસમ આરોહણ સ્પર્ધામાં વિજેતા થયા છે.

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ - ગાંધીનગર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે 'તૃતિય ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધા'નું આયોજન કરાયું હતું, જેમાં ગુજરાતના ૮ જિલ્લાના જુનિયર ભાઈઓ અને બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે 'રાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે સ્વામી વિવેકાનંદને યાદ કરતા ધોરાજી તાલુકાના નાયબ કલેકટર જયેશ લીખિયાએ જણાવ્યું હતું કે, સ્પર્ધામાં ખેલદિલી સાથે ભાગ લેવો એજ મહત્વની બાબત છે. રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ વધુ મજબૂત બને તે માટે રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યકક્ષાની સ્પર્ધાઓનું આયોજન સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડીને આગળ વધવા માટે મહત્વનો ભાગ ભજવે છે. લીખીયાએ આ સ્પર્ધામાં ઉત્તમ પ્રયાસો કરનાર દરેક ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સ્પર્ધામાં રાજકોટ, જૂનાગઢ, ગીર-સોમનાથ, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, જામનગર એમ કુલ ૮ જિલ્લામાંથી ૧૪ થી ૧૮ વર્ષના ૨૫૨ ભાઈઓ તથા ૧૬૨ બહેનો સહિત ૪૧૪ ખેલાડીઓ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધકોએ ઓસમ ડુંગર ઉપર આવેલાં માત્રીમાતાના મંદિરથી ટપકેશ્વર મહાદેવ થઈ તળેટીએ પરત પહોંચવાનું હતું. સંપૂર્ણ ખેલદિલી સાથે સ્પર્ધામાં જોડાયેલ ખેલાડીઓને ચેસ્ટ નંબર આપવાથી માંડી સેકન્ડ ટુ સેકન્ડ સમય સાથે આધુનિક ટેકનોલોજીની મદદથી રેડિયો ફ્રિકવન્સી ચીપ સીસ્ટમ સાથે પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું. આ સિસ્ટમનો ઉપયોગ હાલ પોલીસ ભરતી માટે થઈ રહ્યો છે. ખેલાડીઓની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરાથી સ્પર્ધાનું સુપરવિઝન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના સુચારૂ આયોજન તથા સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માટે આશરે ૫૩ શિક્ષકો તથા ૩૦ સ્વયંસેવકો જોડાયા હતા.

આ તકે રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયેલ ખેલાડીને રૂ. ૨૫૦૦૦ દ્વિતિય નંબરને રૂ.૨૦,૦૦૦ તૃતિય નંબરને રૂ. ૧૫,૦૦૦ એમ કુલ મળી ૧ થી ૧૦ નંબર સુધી વિજેતા થયેલ ખેલાડીઓને કુલ રૂ.૨,૩૪,૦૦૦ના રોકડ ઈનામો, પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી સ્પર્ધકોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સમય મર્યાદામાં પૂર્ણ કરેલ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય વિરલભાઈ પનારા, પાટણવાવ સરપંચ પ્રવીણભાઈ પેથાણી, પ્રવાસન સમિતિના અલ્પેશભાઈ પેથાણી, અગ્રણી મનુભાઈ પેથાણી, જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.પી.દિહોરા, જિલ્લા રમત અધિકારી વિરેન્દ્રસિંહ જાડેજા, ધોરાજી મામલતદાર એમ.જી.જાડેજા, ઉપલેટા મામલતદાર એમ. ટી. ધનવાણી, ધોરાજી તાલુકા વિકાસ અધિકારી પી.ડી.ઢઢાણીયા, સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોના બદલી કેમ્પ તાકીદે યોજવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષકસંઘની રજૂઆત

## રાજયના શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત કરતું શિક્ષકસંઘ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
જામનગર, તા.૧૨

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘે રાજયના શિક્ષણમંત્રી કુબેર ડીંડોરને ખાસ આવેદનપત્ર પાઠવી પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોના બદલી કેમ્પનું તાકીદે આયોજન કરવા અનુરોધ કર્યો છે. કેમ્પ યોજાતા ન હોવાથી વર્ષોથી રાહ જોઈ રહેલા શિક્ષકોને અન્યાય થતો હોવાની શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

શિક્ષણસંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી સતીષ પટેલે શિક્ષણમંત્રીને પાઠવેલા આવેદનમાં રજૂઆત કરી છે કે, પ્રાથમિક શિક્ષણ નિયામકના પત્રથી તા.૩૧/૭/૨૦૨૨ ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ અનુસાર બદલી કેમ્પોનું આયોજન કરવા સુચના આપવામાં આવી હતી. પરંતુ રાજ્યમાં કોર્ટ કેસોને કારણે બદલી કેમ્પ થઇ શક્યા નથી. કોર્ટ કેસને લીધે બદલી કેમ્પ અટવાઈ જાય છે અને વર્ષોથી રાહ જોતા શિક્ષકોને ન્યાય મળતો નથી. પત્રમાં રજૂઆત કરવામાં આવી છે કે, પોતાના વતન પહોંચી કુટુંબ અને પરિવાર સાથે જિંદગી પસાર કરી મુકતમને શિક્ષકો શૈક્ષણિક કાર્ય કરી શકે તે હેતુસર ચાલુ વર્ષ પૂરતા ઓનલાઈનને બદલે મેન્યુઅલ કેમ્પ યોજવા સંઘ અનુરોધ કરે છે. ઓનલાઈન બદલી કેમ્પમાં અર્થઘટનને કારણે કોર્ટમાં મામલા પહોંચ્યા છે એટલે એ તમામ કેમ્પો રદ કરી મેન્યુઅલ કેમ્પ યોજીને જિલ્લાવાર સ્થળ પર ઓર્ડર આપી દેવાની પ્રક્રિયા હાથ ધરાઈ તો સ્થળ પર પ્રશ્નોનો નિકાલ થઇ જાય. પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પ તથા ઈઝઅઝ (મુખ્ય શિક્ષકો) ના પ્રશ્નો અંગે તાત્કાલિક નિર્ણય લેવા પ્રાથમિક શિક્ષણસંઘે અનુરોધ કર્યો છે.(૨.૧૨)

# સોરઠીયા રજપૂત સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાશે

## ૧૬ દીકરીઓને ૧૫૦થી વધુ ઘર ઉપયોગી વસ્તુઓ અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

સંપૂર્ણાનંદજી રજપૂત ફાઉન્ડેશન પ્રેરીત સોરઠીયા રજપૂત યુવા શક્તિ ગ્રુપ તથા સોરઠીયા રજપૂત વિમેન્સ ફેડરેશન આયોજીત સોરઠીયા રજપૂત સમાજની ૧૬ દીકરીઓનો સમૂહ લગ્નોત્સવ વર્ષ-૨૦૨૩, તા.૨૯ જાન્યુઆરી રવિવારના રોજ સવારે ૭ થી ૨ દરમિયાન કણકોટ, કૃષ્ણનગર, ડોકટર હાઉસની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટ ખાતે અખિલ ગુજરાત સોરઠીયા રજપૂત સમાજના પ્રમુખ વિજયભાઈ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાનાર છે.

આ સમૂહ લગ્નોત્સવમાં સમાજ વ્યસન મુકત બને, સમાજમાં નેત્રદાન, રકતદાન અને દેહદાનની સમજ આપતી પત્રિકા, પોસ્ટર્સનું વિતરણ પણ કરવાનું નિર્ધારિલ છે. આ સમૂહ લગ્નોત્સવમાં દાતાઓએ દાન-ભેટ લખાવવા માટે અશોકભાઈ કેશોર મો.નં. ૭૯૮૪૮ ૩૬૪૮૫, મુકુંદભાઈ રાઠોડ મો.નં. ૭૨૮૩૭ ૫૨૮૨૦, પ્રતાપભાઈ ચૌહાણ મો.નં. ૯૪૨૭૪ ૯૭૬૮૩ તથા દેવાંગ ડોડીયા મો.નં. ૮૨૦૦૩ ૧૪૦૬૪ નો સંપર્ક સાધી શકાશે.

આ સમૂહ લગ્નોત્સવના માર્ગદર્શક મંડળમાં અશોકભાઈ કેશોર, હરનેશભાઈ સોલંકી, અશોકભાઈ અને પ્રવીણભાઈ ચૌહાણ, અરવિંદભાઈ ચૌહાણ, અનીલભાઈ બારડ, અશોકભાઈ રાઠોડ, હકાભાઈ ચૌહાણ, મુકેશભાઈ ચૌહાણ, રાજેશભાઈ દલ, ગીરીશભાઈ ચૌહાણ તથા શ્યામલભાઈ રાઠોડ સેવા આપી રહેલ છે.

આ સમૂહ લગ્નોત્સવ અખિલ ગુજરાત સોરઠીયા રજપૂત સમાજ તથા સંપૂર્ણાનંદજી રજપૂત ફાઉન્ડેશનના પ્રમુખ વિજયભાઈ ચૌહાણ, સોરઠીયા રજપૂત સમાજ, રાજકોટના પ્રમુખ કાર્તિકભાઈ ચૌહાણ, સોરઠીયા રજપૂત યુવા શકિત ગ્રુપના પ્રમુખ નિલેશભાઈ સોલંકી, સોરઠીયા રજપૂત વિમેન્સ ફેડરેશનના પ્રમુખ ઈલાબેન ખેરના માર્ગદર્શનમાં વિવિધ કાર્યકર્તા ભાઈ-બહેનો સર્વ ભાવેશભાઈ વાઘેલા, નિરજ ભટ્ટી, આકાશ ચૌહાણ, અજય પરમાર, અભય ચૌહાણ, વિરેન્દ્ર ડાભી, ચિરાગ પરમાર, મુકેશ મકવાણા, પી. સી. પરમાર, અતુલ રાઠોડ, શૈલેષ ચૌહાણ, મીલન રાઠોડ, પ્રધુમ્નસિંહ પરમાર, ગીરીરાજસિંહ પરમાર, હર્ષદ સરવૈયા, દિવ્યેશ પરમાર, મુકેશભાઈ ચાવડા, નિખીલ રાઠોડ, દેવાંગ ડોડીયા, કિશન ચૌહાણ, નિરલ ચૌહાણ, દેવેન્દ્રભાઈ વાજા, નિલેશભાઈ વાજા, સિધ્ધાર્થભાઈ ચૌહાણ, વિમલ હાડા, નિખીલભાઈ રાઠોડ, શૈલેષભાઈ સોલંકી, ધવલ ચૌહાણ, અનિલ ચૌહાણ, પ્રકાશ સોઢા, સત્યજીત પરમાર, લાલજી હાડા, દિશાંત ગોહેલ, નિલેશ સોઢા, મહાવીર ચૌહાણ, ઋષભ હોડી, હસુભાઈ મકવાણા તથા મહિલા કાર્યકરો સર્વ જયોત્સનાબેન ચૌહાણ, નિરૂબેન રાઠોડ, હિનાબેન ગોહેલ, પદ્માબેન ડોડીયા, જ્યોતિબેન ચાવડા, નિમિષાબેન રાઠોડ, અંજનાબેન સોલંકી, મિતાબેન ડોડીયા, રજનીબેન રાઠોડ, કમળાબેન ભટ્ટી, હેતલબેન ડોડીયા, શિવાની ખેર, તૃપ્તીબેન વાઘેલા, મનીષાબેન ગોહેલ, મંજાબેન ભટ્ટી, દક્ષાબેન સોલંકી, નયનાબેન રાઠોડ વગેરે કાર્યકરો આ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.(૧૨)

# રાજકોટ તાલુકા પંચાયતના સદસ્ય ભરત ડાભીનો આજે જન્મદિવસ



રાજકોટઃ રાજકોટ શહેર ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ભરતભાઈ ડાભી કે જેઓ રાજકોટ તાલુકા પંચાયતના સદસ્ય તેમજ પૂર્વ બેડી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સેવા આપેલ છે તેમજ જય વેલનાથ સમૂહ લગ્ન સમિતિના પૂર્વ પ્રમુખ છે તેમજ વેલનાથ યુવક મંડળના પૂર્વ પ્રમુખ તથા રાજકોટ જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પૂર્વ પ્રભારી હોય અને સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિના સભ્ય છે. આજે તેઓએ યશસ્વી જીવનના ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. આજે જન્મદિવસ પર તેમના મો.નં.૯૭૧૨૧૬૪૨૦૧ ઉપર તેને સગા-સ્નેહી તેમજ મિત્રો સહિતના લોકો શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# રાજકોટ-મુંબઈ વચ્ચે ૧૯મી થી સવારે ૧૧ વાગ્યે નવી ફ્લાઈટ



## વહેલી સવારે પણ એકાદ ફ્લાઈટ શરૂ કરવા સૌરાષ્ટ્રના વેપારીઓની માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

રાજકોટથી મુંબઈ વેપાર અર્થે જનારા લોકો માટે ખુશીના સમાચાર છે કે, આગામી ૧૯મી તારીખથી સવારે ૧૧ વાગ્યે રાજકોટ - મુંબઈ વચ્ચે નવી ફ્લાઈટ શરૂ થવા જઇ રહી છે.

જો કે,વહેલી સવારે આવી કોઈ ફ્લાઈટ શરૂ થાય તો સૌરાષ્ટ્રના વેપારીઓ સવારે જઈ સાંજે પરત આવી શકે એવું વેપારીઓ જણાવી રહ્યા છે. રાજકોટ થી મુંબઈ હવાઈ યાત્રા કરતા મુસાફરોને આગામી તા.૧૯ મી જાન્યુઆરીથી રાજકોટ - મુંબઈ સવારની નવી ફ્લાઈટ શરૂ થનાર છે. ખાનગી એરલાઇન્સ કંપની રાજકોટથી સવારે ૧૧ કલાકે મુંબઈની વધુ એક ફ્લાઈટ શરૂ કરતા યાત્રિકોને વધુ સારી ફ્રીકવન્સી મળશે.

છેલ્લા કેટલાક સમયથી એર ફ્રીકવન્સી વધારવા જુદા જુદા સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.પરંતુ રાજકોટથી મુંબઈ જવા માટે વહેલી સવારે કોઈ ફ્લાઈટ નહીં હોવાને કારણે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક વેપારીઓ ઉધોગકારોને મુશ્કેલી પડી રહી છે કારણ કે જો વહેલી સવારની ફ્લાઈટ શરૂ કરવામાં આવે તો સૌરાષ્ટ્રના વેપારીઓ સવારે મુંબઈ જઈને પોતાનું કામ પૂરું કરીને સાંજની ફ્લાઈટમાં રાજકોટ પરત ફરી શકે. સવારે મુંબઈની ફ્લાઈટ શરૂ કરવા ચેમ્બર સહિતની સંસ્થાઓએ માંગ કરતા ખાનગી એરલાઈન્સ કંપનીએ સવારની મુંબઈ સેવા શરૂ કરવા કાર્યવાહી હાથ ધરી છે. આગામી ૧૯ મીબથી સવારની વધુ એક મુંબઈ સેવા સાથે મુંબઈની દરરોજ ત્રણ ફ્લાઈટ સંચાલિત થશે. તારીખ ૧૯ મી થી શરૂ થનાર રાજકોટ - મુંબઈ ફ્લાઈટ સવારે ૧૧.૨૦ કલાકે ટેકઓફ થઈ મુંબઈ બપોરે ૧૨.૨૦ કલાકે લેન્ડ થશે તેમ આધારભૂત વર્તુળોએ જણાવ્યું હતું.

# પ્રજ્ઞાચક્ષુ શિક્ષિકા દ્વારા અંધગૃહને રૂ.૧૫ લાખની સોલાર સિસ્ટમનું દાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

રાજકોટની પ્રજ્ઞાચક્ષુ શિક્ષિકાએ અંધગૃહને રૂ.૧૫ લાખની સોલાર સિસ્ટમનું દાન આપી એક નવી દિશા આપી છે. રાજકોટની વી.ડી.પારેખ અંધ મહિલા વિકાસ ગૃહમાં રહેતી દીકરીઓની સુવિધાઓ માટે અહીં જ વિશિષ્ઠ શિક્ષક તરીકે ફરજ બજાવતા પ્રજ્ઞાચક્ષુ જયાબેન ઠકરાર દ્વારા રૂ.૧૫ લાખની સોલાર સિસ્ટમ અનુદાનમાં આપી હતી.

જયાબેને આ જ શાળામાં રહીને અભ્યાસ કર્યો હતો. આ ઉપરાંત સંસ્થાના પી.જે. મંકોડી તેમજ જયાબેનને સન્માન માટે રૂ.૫૧-૫૧ હજારની રાશી આપવામાં આવી હતી તે પણ આ સંસ્થાને વિકાસ માટે અર્પણ કરવામાં આવી હતી તેમ યાદીમાં જણાવાયું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા–કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

# સાંઢીયા પુલ નવીનીકરણનો બોજ પ્રવાસીઓ પર!

## રાજકોટથી મોરબી–જામનગર જતી એસ.ટી ની લોકલ બસના ભાડામાં રૂ.૧, એક્સપ્રેસમાં રૂ.૨નો વધારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

રાજકોટના સાંઢીયા પુલનું નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે. આ નવીનીકરણનો બોજ આ રસ્તેથી પસાર થતા એસટી ના મુસાફરોના શિરે ઠોકી બેસાડ્યો હોય એમ લાગી રહ્યું છે. આ રસ્તે પસાર થતી એસ.ટી ની બસોના ભાડામાં તંત્રએ વધારો કરી પ્રવાસીઓ પર આ બોજ નાખ્યો હોવાનું સામે આવ્યું છે. આથી હવે એસ.ટી દ્વારા મોરબીનું લોકલનું ભાડું રૂ.૪૦, એક્સપ્રેસનું ૭૩, જામનગર લોકલનું રૂ.૪૯, એક્સપ્રેસના રૂ.૮૩ અમલી કરાયું છે.

રાજકોટ શહેરના જામનગર રોડ પરનો સાંઢીયો પુલ ભારે વાહનો માટે જોખમી બન્યો હોવાથી એસ.ટી બસ પણ ત્યાંથી પસાર થઇ શકતી નથી.જેથી રાજકોટથી જામનગર અને મોરબી જતી બસોને એસ.ટી બસપોર્ટથી ડાયવર્ટ થઇને માધાપર ચોકડીથી જવું પડે છે. જેને લીધે બંને શહેરો તરફ જતી લોકલ બસોના ભાડામાં રૂ.૧ તો એક્સપ્રેસ બસના ભાડામાં રૂ.૨નો વધારો ઝીંકી દેવાયો છે. રાજકોટ એસ.ટીના વિભાગીય નિયામક જે.બી.કરોતરા દ્વારા જાહેર પરિપત્ર મુજબ, જામનગર રોડ પર સાંઢીયા પુલ બ્રિજનો સુપર સ્ટ્રક્ચરનો ભાગ ભારે વાહનો માટે જોખમી હોવાથી ત્યાંથી ભારે વાહનો પસાર થવા પર પોલીસ કમિશનરે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું છે. જેથી નવો હુકમ ન થાય ત્યાં સુધી રાજકોટ બસપોર્ટ પરથી ત્રિકોણબાગ,મહિલા કોલેજ ચોક, હનુમાન મઢી ચોક, રૈયા ચોકડી, માધાપર ચોકડી થઇને મોરબી, ભૂજ, જામનગર અને દ્વારકા તરફ જશે.જેથી રૂટમાં ૪ કિલો મીટરનો વધારો થયો છે. જેથી હવે રાજકોટથી મોરબી જતી લોકલ બસનું ભાડું રૂ.૩૯ થી વધી રૂ.૪૦ તો એક્સપ્રેસ બસનું ભાડું રૂ.૭૧ થી વધી રૂ.૭૩ થયું છે.

જયારે જામનગર જતી લોકલ બસનું ભાડું રૂ.૪૮ થી વધી રૂ.૪૯ તો એક્સપ્રેસ બસનું ભાડું રૂ.૮૧ થી વધારી રૂ.૮૩ કરાયું છે. આમ પુલના કારણે વધતા રસ્તાની લંબાઈના કારણે મુસાફરો ઉપર બોજ નખાયો છે.

### જામનગર જતી ૧૨૦, મોરબી જતી ૧૪૦ બસના ભાડામાં વધારો

રાજકોટ બસપોર્ટ પરથી દૈનિક જામનગર તરફ લોકલ ૮૦ અને એક્સપ્રેસ ૪૦ તો મોરબી તરફ લોકલ ૧૦૦ તો એક્સપ્રેસ ૪૦ બસ દોડે છે. જેમાં ભાડા વધારો લાગુ પડશે. સાંઢીયા પુલ પરથી પ્રતિબંધ બાદથી ડાયવર્ટ થઇ દોડતી બસોનો રૂટ.સાંઢીયા પૂલ પર ભારે વાહનો પસાર થવાના પ્રતિબંધથી રાજકોટથી જામનગર અને મોરબીની બસ રાજકોટ બસપોર્ટ પરથી ત્રિકોણબાગ, માલવિયા ચોક, એસ્ટ્રોન ચોક, મહિલા કોલેજ, કિશાનપરા, આમ્રપાલી અન્ડરબ્રીજ, હનુમાનમઢી, રૈયા ચોકડી, શીતલ પાર્ક, અયોધ્યા ચોક અને તે બાદ માધાપર ચોકડી પહોચે છે આમ પહેલા કરતા મુસાફરોને સમય સાથે સંપતિનો પણ બોજ આવ્યો છે.

# કચ્છના સફેદરણમાં ફરી જોઈરાઈડ શરૂ

## કચ્છના રણોત્સવમાં ઉમટી રહ્યા છે સહેલાણીઓ, પ્રવાસીઓ હેલિકોપ્ટરમાંથી સફેદ રણનો અદ્દભુત નજારો જોવા તલપાપડ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

કચ્છ રણોત્સવનો પ્રારંભ થતા જ દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં કચ્છમાં ઉમટી પડ્યા છે. ફરી એકવખત પ્રવાસીઓને સફેદરણનો આકાશી નજારો કરાવવા માટે હેલિકોપ્ટર જોઈરાઈડનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કચ્છના સફેદરણનો વૈભવ જોઇને પ્રવાસીઓ અભિભૂત થઇ ગયા છે. ગુજરાતની એક ખાનગી એવિએશન કંપની દ્વારા શરૂ કરાયેલી હેલિકોપ્ટર જોઈરાઈડ પ્રવાસીઓ માટે ખૂબ આકર્ષણરૂપ બની છે.

વેસ્ટર્નબર્ડ સિવિસ એવિએશન દ્વારા કચ્છ રણોત્સવમાં હેલિકોપ્ટર સેવા શરૂ કરી દેવાઈ છે. આ માટે ધોરડો ખાતે હેલીપેડ બનાવાયું છે. જ્યાંથી આર-૬૬ હેલિકોપ્ટરમાં પાઈલોટ ઉપરાંત ૪ પ્રવાસીઓ અવકાશી સફરનો આનંદ ઉઠાવી શકે છે. કચ્છના સફેદરણમાં ત્રણ અલગ- અલગ સેશનમાં પ્રવાસીઓને સફેદરણનો સાક્ષાત્કાર કરાવવામાં આવે છે. પહેલું સેશન સવારે ૭ વાગ્યાથી સવારે ૯ થી ૯:૩૦ સુધી ચાલે છે. બીજું સેશન સવારે ૧૧:૩૦ થી બપોરે ૨:૩૦ વાગ્યા સુધી ચાલે છે. જયારે અંતિમ સેશન સાંજે ૪ વાગ્યાથી સુર્યાસ્ત સુધી હોય છે. પાંચ થી સાત મિનિટ સુધી જોઈરાઈડ ચાલે છે. જેમાં વ્યક્તિદીઠ રૂ.૫ હજાર અને જીએસટી જેટલું ભાડું છે. કોરોનાને કારણે બંધ થયેલી સેવા હવે ફરી શરૂ થતા પ્રવાસીઓમાં ખૂબ આકર્ષણ જામ્યું છે.(૨.૧૨)

ઓફીસ ભાડે આપવાની છે
ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફનિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦
સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭



(તસવીરઃ પંકજ ડાભી)



# રંગીલા રાજકોટનું આકાશ રંગબેરંગી પતંગોથી શોભી ઉઠયુંઃ દેશ-વિદેશના પતંગબાજોએ લોકોના દિલ જીત્યા

## જી-૨૦ની 'વસુધૈવ કુટુંબકમ' થીમ આધારિત આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવનો રાજકોટ ખાતે શાનદાર પ્રારંભ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૧૨

મકરસંક્રાંતિના પર્વ પર ''રાષ્ટ્રીય યુવા દિવસ'' નિમિતે રાજકોટ મહાનગરપાલિકા તેમજ ગુજરાત પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજીત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩નો ધર્મેન્દ્ર કોલેજના મેદાનમાં રાસગરબાના તાલે ભવ્ય પ્રારંભ થયો હતો.જેમાં વિશ્વના વિવિધ દેશોના પતંગબાજો સહિત ભારતભરના અને સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓ માંથી પધારેલા પતંગ રસિયાઓએ પતંગોત્સવમાં ભાગ લઈને અનેરો ઉત્સાહ દાખવ્યો હતો.

પતંગોત્સવને ખુલ્લો મુકતા મેયર પ્રદિપભાઈ ડવએ જણાવ્યું હતું કે, દુનિયાના ૧૬ થી વધુ દેશોના, ભારતના ૭ રાજ્યોના અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી આવેલા ૧૬૦ થી વધુ પતંગશોખીનોએ પતંગોત્સવમાં ભાગ લઈને રાજકોટમાં મકરસંક્રાંતિના પર્વમાં અનેરો ઉત્સાહ જગાવ્યો છે.વિવિધતામાં એકતા સમાન આ પર્વમાં સૌ સાથે મળીને નવી આશાઓનો અને ઉમંગનો પતંગ આકાશમાં ઉપર ચગાવીએ તેવી ભાવના મેયરએ આ પ્રસંગે વ્યક્ત કરી હતી અને શહેરીજનોને ઉત્તરાયણ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સાંસદ રામભાઈ મોકરિયાએ જણાવ્યું હતું કે, પતંગ મહોત્સવ થકી આજે ગરબાના તાલે વિદેશીઓ ગરબે ઘૂમીને આપણી સંસ્કૃતિને માણી રહ્યા છે. આ પ્રકારના મહોત્સવથી વિદેશીઓ આપણી સંસ્કૃતિને માણે-જાણે અને ભારત દેશની લોકસંસ્કૃતિ સુવાસ સમગ્ર વિશ્વમાં પ્રસરાવે, તે જ આ પતંગ મહોત્સવની સાચી ઉજવણી છે એવી લાગણી રામભાઇએ વ્યક્ત કરી હતી.

પતંગ એ શાંતિનું

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટના ભાજપના કાર્યકાર પીન્ટુ રાઠોડ સામે અંતે વ્યાજખોરી બદલ ગુન્હો દાખલ કરાયો

## ૧૦ વર્ષ સુધીની કેદની સજા થાય એવી કલમ લગાડતી પોલીસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

રાજકોટમાં વ્યાજખોરો સામે ફરિયાદ કરવા લોકો હિંમતથી આગળ આવે એ માટે પોલીસ દ્વારા યોજાયેલા લોકદરબારમાં રાજકોટના સામાકાંઠાના ભાજપના કાર્યકર પીન્ટુ કવાભાઇ રાઠોડ વિરૂધ્ધ રજૂઆત થઇ હતી. આજે થોરાળા પોલીસે વ્યાજખોરીના આરોપસર પીન્ટુ રાઠોડ વિરૂધ્ધ આકરી કલમો સાથેનો ગુનો દાખલ કરી દીધો છે. પોલીસે વ્યાજખોરની ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે.



પોલીસમાંથી જાણવા મળ્યા મુજબ સંતકબીર રોડ પર રહેતા અને મજુરી કામ કરતા હેમંતભાઈ હરિભાઈ ટુંડિયાએ વ્યાજપેટે પીન્ટુ રાઠોડ પાસેથી નાણાં લીધા હતા. જેનું વ્યાજ સતત ચુકવતા રહ્યા હતા. છતાં વ્યાજખોરે તેમના બનેવીના પિતાના નામનું સૂચિત મકાનની ફાઈલ કબ્જે લઇ લીધી હતી. એટલું જ નહીં ફરિયાદીના ગામ લુણસરિયામાં આવેલી ખેતીની જમીનની બુક પણ ગીરો તરીકે રાખી લીધી હતી. વ્યાજખોરની ધાક-ધમકી, ગાળાગાળી અને ત્રાસથી થાકી અંતે પીડિત પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે પીન્ટુ રાઠોડ સામે મની લોન્ડરિંગ એક્ટ ઉપરાંત આઈપીસીની કલમ-૩૮૬ પણ લગાડી છે. જેમાં ૧૦ વર્ષ સુધીની કેદ સજાની જોગવાઈ છે.(૨.૧૨)

# સામાન્ય ઠંડક વચ્ચે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ઝાકળભીનું વાતાવરણ

## આજે સવારે રાજકોટનું લઘુતમ તાપમાન ૧૮.૭ ડીગ્રી નોંધાયું, ઝાકળથી સવારે રાજમાર્ગો પણ ભીના થઈ ગયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૧૨ :

સામાન્ય ઠંડક વચ્ચે આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સવારે હવામાં ભેજ વધુ રહેતા ઝાકળવર્ષા થવા પામી હતી. વહેલી સવારે ઝાકળના કારણે રોડ-રસ્તાઓ પણ ભીના થઈ જવા પામ્યા હતા. આજે સવારે રાજકોટનું લઘુતમ તાપમાન ૧૮.૭ ડિગ્રી નોંધાયું હતું. જયારે હવામાં ભેજ ૯૪ ટકા રહેતા સવાર ઝાકળભીની રહી હતી. અને સવારે પવનની સરેરાશ ઝડપ ૮ મીમી રહેવા પામી હતી. રાજકોટ ઉપરાંત આજે વહેલી સવારે સૌરાષ્ટ્રમાં પણ વિવિધ સ્થળોએ ઝાકળવર્ષા થવા પામી હતી.આ સાથે આજે પણ સવારે રાજયમાં દરેક સ્થળોએ ડબલ ડીઝીટમાં તાપમાન નોંધાવા પામ્યું હતું. આજે સવારે અમદાવાદમાં ૧૭, અમરેલીમાં ૧૭.૩, વડોદરામાં ૧૪.૪ ભાવનગરમાં ૧૭.૪ અને ભુજ ખાતે ૧૭.૬ ડિગ્રી લઘુમત તાપમાન નોંધાયા પામ્યું હતું.

ભુજ ઉપરાંત આજે સવારે ડીસામાં ૧૭.૮, દમણમાં ૧૬, દિવમાં ૧૭, દ્વારકામાં ૨૨.૨ અને ગાંધીનગરમાં ૧૬.૨ ડિગ્રી તેમજ જુનાગઢમાં ૨૧.૩ ડિગ્રી, કંડલામાં ૧૬.૫ અને નલિયા ખાતે ૧૪.૮ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. દરમ્યાન આજે સવારે ઓખામાં ૨૧.૮ પાટણમાં ૧૭.૪, પોરબંદરમાં ૧૭ તથા



(તસવીરઃ પંકજ ડાભી)

સુરતમાં ૧૬ અને વેરાવળમાં ૧૯.૩ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. એકંદરે રાજયમાં આજે ઠંડીનું પ્રમાણ સાવ નહીંવત રહ્યું હતું અને સવારે ઝાકળવર્ષા થવા પામી હતી.

સમગ્ર સૌરાષ્ટ્રની સાથો-સાથ આજે સવારે રાજકોટમાં પણ હવામાં ભેજ વધુ રહેતા ઝાકળવર્ષા થઈ હતી. જેનાં પગલે આહલાદક વાતાવરણ છવાયું હતું. ઝાકળથી સવારે રાજમાર્ગો પણ ભીના થઈ ગયા હતા.

# મનપાની વેરા વસુલાત શાખા દ્વારા આજે વધુ ૨૮ મિલ્કતો સીલ, ૪૨.૯ લાખની રીકવરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૧૨

આજે પણ વેરા-વસુલાત શાખા દ્વારા રીકવરી ઝુંબેશ અંતર્ગત કામગીરી પુરજોશમાં ચલાવવામાં આવી હતી. જેમાં કુલ ૨૮ મિલ્કતોને સીલ કરવામાં આવી હતી. તથા ૬૩-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ રીકવરી રૂા.૪૨.૦૯ લાખ રીકવરી કરાઇ હતી. શહેરના સે.ઝોન દ્વારા કુલ ૧૧ મિલ્કતોને સીલ મારેલ તથા ૨૯-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૯.૫૬ લાખ, વેસ્ટ ઝોન દ્વારા કુલ ૭ મિલ્કતોને સીલ ૧૮મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીક્વરી રૂા. ૧૮.૧૧ લાખ તથા ઇસ્ટ ઝોન દ્વારા કુલ ૧૨ મિલ્કતોને સીલ ૧૬-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રૂા.૧૪.૪૨ લાખ રીકવરી કરેલ છે. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી,મયુર ખીમસુરીયા,વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરો દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.






SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.